بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લકા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


## બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧/મે/૨૦૧૮**

શાબાનુલ મુઅઝ્ઝમ-રમઝાનુલ મુબારક
હિજરી સન : ૧૪૩૯

વર્ષ : ૧૫, અંક : ૦૫, સળંગ અંક : ૧૭૩



સ્થાપક અને પ્રકાશક
**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂ. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂ. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂ. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂ. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂ. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂ. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂ. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## અનુક્રમણિકા


01 બેટી બચાવો !
બળાત્કારીને સૂળીએ ચઢાવો ! 04
02 કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન 09
03 (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત 12
04 હદાઈકે બખ્શિશ 15
05 સીરતે રસૂલે મુખ્તાર ﷺ 19
06 તઝકેરતુલ અવલિયા : હઝરત રાબિઆ
બસરી رضی اللہ عنہاના હાલાત તથા ખૂબીઓ 21
07 હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત 23
08 વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી :
પયગમ્બરે ઈસ્લામ ﷺ 26
09 નબી ﷺના ઉચ્ચ અખ્લાક તથા આલમી હાલાત 30
10 ગરમીના રોઝા : સહાબા તથા બુઝુર્ગો અને આપણે 32
11 ઈસ્લામમાં સલાહ મશ્વરાનું મહત્વ 36
12 બરકાતે ખ્વાજાની ટપાલ 41


## દિલ મેં હો યાદ તેરી ગોશએ તન્હાઈ હો

દિલ મેં હો યાદ તેરી ગોશએ તન્હાઈ હો
ફિર તો ખલ્વત મેં અજબ અંજુમન આરાઈ હો
કભી ઐસા ન હુવા ઉન કે કરમ કે સદકે
હાથ કે ફૈલનેસે પેહલે ન ભીક આઈ હો
આજ જો ઐબ કિસી પર નહીં ખુલને દેતે
કબ વો ચાહેંગે મેરી હશ્ર મેં રૂસ્વાઈ હો
ઉસ કી કિસ્મત પે ફિદા તખ્તે શહી કી રાહત
ખાકે તયબહ પે જિસે ચૈન કી નીંદ આઈ હો
આસ્તાને પે તેરે સર હો અજલ આઈ હો
ઔર અય જાને જહાં તૂ ભી તમાશાઈ હો
યહી મંઝૂર થા કુદરત કો કે સાયા ન બને
ઐસે યકતા કે લિયે ઐસી હી યકતાઈ હો
બંદ જબ ખ્વાબે અજલ સે હો 'હસન' કી આંખેં
ઉસ કી નઝરોં મેં તેરા જલ્વએ ઝૈબાઈ હો

અઝ : ઉસ્તાદે ઝમન હસન રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ

## બેટી બચાવો ! બળાત્કારીને સૂળીએ ચઢાવો !

તંત્રી લેખ...

ગયા અંકમાં "સ્ત્રી જાતિની દેશમાં કફોડી હાલત" વિશેનો આંશિક ચિતાર રજૂ કર્યો હતો તેની શાહી તો હજી સૂકાઈ નથી ને દેશમાં હવસખોરોના અવનવાં જંગલી કૃત્યોની જાણે હારમાળા નીકળી પડી હોવાના સમાચારો પ્રસિધ્ધ થઈ રહ્યા છે. એમ લાગી રહ્યું છે કે આપણા પ્યારા વતનમાં સ્ત્રીઓ જ નહીં હવે બાળકીઓ પણ સલામત નથી ! ક્રુરતાપૂર્વક બળાત્કાર તથા હત્યાનો ભોગ બાળકીઓ પણ હવે બની રહી છે ! જેમ કે તાજેતરમાં જમ્મુ–કાશ્મીરના કઠુઆમાં આઠ વર્ષની આસિફા નામની બાળકીની સાથે મંદિરમાં સાત દિવસ સુધી ગેંગરેપની ઘટનામાં પોલીસે સનસનીખેજ ખુલાસો કર્યો છે. પોલીસ મુજબ સાત દિવસ સુધી સતત અત્યાચાર સહન કરવા છતાં પીડિત બાળકી મદદની પોકાર પાડી શકી નહીં કારણ કે અપહરણના અમુક સમય બાદ જ આરોપીઓએ તેને ભાંગ તથા નશીલી દવા ખવડાવી દીધી હતી. ૮ દિવસ સુધી તેણી પર વારંવાર બળાત્કાર ગુજારાયો જેમાં ઘટનાના માસ્ટર માઈન્ડ સાંઝીરામ પૂજારી સહિત આઠ જણની ધરપકડ કરવામાં આવી. આશ્ચર્યની વાત છે કે જેમાં દીપક ખજૂરીયા તથા અન્ય પોલીસના માણસોએ પણ બળાત્કાર કર્યો ! આ નરાધમોએ ૮ વર્ષની માસૂમ બાળકી મરી જતાં સુધી તેણી સાથે દુષ્કર્મ કર્યું, છેવટે ગળુ દબાવી મારી નાખી અને મરી ગયાની ખાત્રી માટે માથા પર પથ્થરો ઝીંકયા. આશ્ચર્ય તથા અફસોસની વાત કે આ ધૃણાજનક બનાવને પણ હિંદુ મુસ્લિમ કૌમી સ્વરૂપ આપવાની કોશિશ થઈ અને આ રેપિસ્ટોના બચાવમાં પણ કેટલાક ભાગલાવાદી તત્વોએ રેલીઓ કાઢી જય શ્રી રામના નારા સાથે આંદોલનો કર્યાં ! ક્યાં જઈને રહેશે આ દેશની પ્રજા ?!

### આ નરાધમો માટે સખત કાયદા નહીં જ બને ?!

એવો જ બીજો એક બનાવ સૂરતનો સામે આવ્યો જેમાં ૧૧ વરસની વણઓળખાયેલી બાળકી પર આઠ દિવસ સુધી બળાત્કાર કરીને હત્યા કરવામાં આવી. પોસ્ટ મોર્ટમના રિપોર્ટ પ્રમાણે તેના શરીર પર ઈજાના ૮૦ જેટલાં નિશાન જોવા મળ્યાં હતાં. આવા બાળકીઓ પર બળાત્કારના બનાવો હિંદમાં સમાજ તથા નીતિમર્યાદાનું ધોરણ કેટલી નીચ હદે જઈ રહ્યું છે તે દર્શાવે છે. આનાથી દુનિયા સમક્ષ હિંદુસ્તાનનુ માથુ શરમથી ઝુકી ગયું છે. એવા તાજા જ બનાવોની ઝલક છેવટમાં રજૂ કરીશું.

એ જ પ્રમાણે યુ.પી.ના ઉન્નાવની ૧૭ વરસની માસૂમ યુવતી પર બીજેપી ધારાસભ્ય કુલદીપ સિંહ સેંગરે બળાત્કાર કર્યો. એ આરોપ મૂકનાર પીડિતાનું કહેવું છે કે મારા પર બળાત્કાર ગુજાર્યો ત્યાં સુધી તેમને હું ભૈયા કહેતી હતી ! બળાત્કાર બાદ મને કહેવાયું કે મોઢુ ખોલીશ તો તારાં મા બાપ તથા પરિવારને મારી નાખવામાં આવશે. અને ખરેખર યુવતિના પિતાને ધારાસભ્યના ભાઈએ ઢોર માર મારતાં તેનું પોલીસ કસ્ટડીમાં મોત નિપજ્યું ! બળાત્કારીઓને જાણે છૂટો દોર મળી ગયો છે કે અટકવાનું નામ નથી લેતા ! ઉન્નાવ બાદ ઈટાહમાં આઠ વરસની બાળકી પર બળાત્કાર કરીને છેવટે રેપિસ્ટ યુવકે બાળકીનું ગળુ દબાવી હત્યા કરી નાખી. *(ન્યૂઝ : ૧૭–૪–૨૦૧૮)*

આવા નરાધમોના અધમ કૃત્યના વિરૂધ્ધમાં ઈ.સ. ૧૯૧૨માં જેવી રીતે ચાલુ બસમાં દિલ્હીમાં નિર્ભયા પર બળાત્કારના વિરૂધ્ધમાં દેશભરમાં વિરોધ પ્રદર્શનો પબ્લિક થકી કરવામાં આવ્યાં હતાં, એ જ વાતાવરણ અત્યારે દેશમાં ખડુ થયું છે. રોજ દેશમાં શહેર શહેર રેલીઓ, કેન્ડલ જુલૂસો નીકળી રહ્યાં છે....પણ થોડા

સમય પછી મોટાભાગના દેશવાસીઓ આ વાત વિસરી જશે. એનો અર્થ શું ?! શા માટે આ ગુનાઓ અટકાવવા અતિ કઠોર કાયદા નથી બનાવવામાં આવતા જેના ડરથી જ શૈતાની દિમાગો આવાં કૃત્યો કરતાં પહેલાં કાંપી ઉઠે. જરૂરત એની જ છે કે બળાત્કાર તથા સગીરા પર બળાત્કારની સજામાં ત્વરિત ફેંસલા થાય અને કડકમાં કડક સજાઓ વહેલી તકે આપવામાં આવે એ માગ સત્તાવાળાઓ પાસે કરવામાં આવે.

મનસેના પ્રમુખ રાજ ઠાકરેએ પણ આ બાબતે આક્રોશ વ્યક્ત કરતાં કહ્યું કે **સરકારે તાબડતોડ આ બળાત્કારીઓને એવી શિક્ષા કરવી જોઈએ જેવી રીતે સઊદી અરબમાં બળાત્કાર કરનારાઓના તાત્કાલિક હાથ પગો તોડી નાખવામાં આવે છે જેથી ગુનેહગારોના મનમાં દહેશત બેસી જાય.** બળાત્કારી હિંદુ હોય કે મુસ્લિમ કે અન્ય જાતિનો તેને રસ્તા વચ્ચે મારવો જોઈએ. મેનકા ગાંધીએ પણ **યુવતીના રેપ પર આજીવન જેલની સજા તથા બાળકીઓના રેપ પર મૃત્યુદંડની સજા ચાહી.** તેમજ ભાજપના સાંસદ રામપ્રસાદ શર્મા (ગૌહટી–તેજપુર)એ કહ્યું કે, "બળાત્કાર જેવા ઝઘન્ય કૃત્ય કરનારા લોકોને દોષિત ઠેરવ્યા પછી જાહેરમાં ગોળી મારી દેવી જોઈએ."

આવી જ માગ એકવાર સૂરત ખાતે વરસો પહેલાં એક વિદ્યાર્થીની પર ચાલુ ફોરવ્હીલ ગાડીમાં અમુક શૈતાનોએ બળાત્કાર કરેલો ત્યારે ઉઠેલી કે **આ બળાત્કારીઓને અરબ દેશો જેમ જાહેરમાં ફાંસી આપી દેવી જોઈએ.** પણ આપણે ત્યાંનો આક્રોશ કેવળ ટેમ્પરરી હોય છે, પછી આરોપીઓ કાયદાની આંટી ઘૂંટી કરીને યેન કેન પ્રકારે છુટી જાય છે કે હલકી સજા પામે છે જેથી આવા ગુનાહો રોકાવાનું નામ નથી લેતા.

## દેશમાં દરરોજ ૧૦૭ મહિલાઓ પર બળાત્કાર થાય છે !

"નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યૂરો"ના આંકડા અનુસાર ઈ.સ. ૨૦૧૬માં દેશમાં મહિલાઓ સાથે **૩૯૦૬૮** બળાત્કાર થયા છે એનો અર્થ એવો થાય છે કે **દરરોજ સરેરાશ ૧૦૭ મહિલા પર બળાત્કાર કરવામાં આવે છે.** તેમાં ૧૮ વરસથી નીચેની ઉમરની પીડિતાની સંખ્યા ૪૬ જેટલી છે.

૬ થી ૧૨ વર્ષની બાળકીઓ પર રેપની ઘટનાઓના રિપોર્ટ મુજબ મહારાષ્ટ્ર આ બાબતે સૌથી ટોચ પર છે. રાજ્યમાં ૬ થી ૧૨ વર્ષની બાળકીઓ સાથે દુષ્કર્મના ૩૪૮ કિસ્સા વર્ષ ૨૦૧૬માં નોંધાયા હતા. તેમજ વર્ષ ૨૦૧૨માં જ્યાં બળાત્કાર ૨૪૯૨૩ કેસો નોંધાયા હતા, તો વર્ષ ૨૦૧૬માં તે વધીને **૩૯૦૬૮** થયા હતા.

**વયના આધારે મહિલાઓ સાથે દુર્ષ્કમની ઘટનાઓ**

| પીડિતાની વય | કુલ ગુના |
|---|---|
| ૬ વર્ષથી ઓછી | ૫૨૦ |
| ૬ થી ૧૨ વર્ષ | ૧૫૯૬ |
| ૧૨ થી ૧૬ વર્ષ | ૬૦૯૧ |
| ૧૬ થી ૧૮ વર્ષ | ૮૬૫૬ |
| ૪૫ થી ૬૦ વર્ષ | ૪૯૪ |
| ૬૦ થી વર્ષથી વધુ | ૫૭ |
| **કુલ ગુનાહ : ૩૯૦૬૮** | |

**૬ થી ૧૨ વર્ષની બાળકી વિશે ગુનાહ**

| રાજ્યનુ નામ | કુલ ગુના |
|---|---|
| મહારાષ્ટ્ર | ૩૪૮ |
| ઉત્તર પ્રદેશ | ૩૨૭ |
| કરલ | ૧૮૮ |
| મધ્યપ્રદેશ | ૧૯૨ |
| દિલ્હી | ૧૭૧ |
| ગુજરાત | ૩૩ |

મતલબ કે ૪ **વરસમાં મહિલાઓની વિરૂધ્ધ બળાત્કારના કેસોમાં લગભગ ૩૩ ટકા વધારો થયો છે,** જેમાં **૧૬૮૩૬** પીડિતાઓની ઉમર ૧૮ વર્ષથી ઓછી છે.

| રાજયનુ નામ | કુલ ગુના |
|---|---|
| મધ્ય પ્રદેશ | ૪૮૮૨ |
| ઉત્તર પ્રદેશ | ૪૮૧૬ |
| મહારાષ્ટ્ર | ૪૧૮૯ |
| રાજસ્થાન | ૬૫૬ |
| દિલ્હી | ૨૧૫૫ |
| ગુજરાત | ૯૮૨ |

| વર્ષ ઈ.સ. | ગુનાહ કુલ |
|---|---|
| ૨૦૧૨ | ૨૪૯૨૩ |
| ૨૦૧૩ | ૩૩૭૦૭ |
| ૨૦૧૪ | ૩૭૪૧૩ |
| ૨૦૧૫ | ૩૪૬૫૧ |
| ૨૨૦૧૬ | ૩૮૯૪૭ |

મહિલાઓ પર બળાત્કારના કિસ્સામાં ૪૮૮૨ની સંખ્યા સાથે મધ્ય પ્રદેશ દેશના તમામ રાજ્યોમાં પહેલા સ્થાન પર રહ્યું છે. મધ્ય પ્રદેશ પછીના ક્રમે યુ.પી. અને પછી મહારાષ્ટ્ર બીજા તથા ત્રીજા ક્રમે છે. વર્ષ ૨૦૧૫માં આ તમામ કિસ્સામાં મધ્ય પ્રદેશ પહેલા ક્રમે જ હતું. ગુજરાતમાં દરરોજ ૩ થી ૪ બળાત્કાર થાય છે. રાજય સરકારે જ ગુજરાત વિધાન સભામાં આપેલી માહિતી પ્રમાણે બે વરસમાં ગુજરાતમાં **૧૮૮૭** બળાત્કારના બનાવો બન્યા. ''બેટી બચાવો''ની બૂમો પાડવામાં આવે છે પણ ક્યાં છે બેટી સલામત ?!

'ગુજરાત સમાચાર'ના એક એહવાલમાં ગૃહ વિભાગને ટાંકીને જણાવાયું છે કે **વર્ષ-૨૦૧૭માં ગુજરાતમાં ૪૯૨ બાળકીઓ બળાત્કારનો ભોગ બની હતી.** અહેવાલ અનુસાર વર્ષ ૨૦૧૭માં ૨૫૧૪ બાળકોના અપહરણ થયાં. રાજ્યમાં દર મહિને ૨૦૦ બાળકોનાં અપહરણની ઘટનાઓ બની હતી.

## સ્ત્રી અધિકારના ઝંડાધારીઓને વેધક સવાલ !

આ તો રેકોર્ડમાં આવેલા આંકડાઓ છે. જે બહેનો લોકલાજે કે ભયના માર્યા ફરિયાદો નહીં કરી શકી હોય તેવા આંકડા આથી વિશેષ હોય શકે છે ! હવે અમે ''સ્ત્રી અધિકારના ઝંડાધારીઓ''ને સવાલ કરીએ છીએ કે આટલી મોટી સંખ્યામાં બહેનોની બલ્કે માસૂમ બાળકીઓની ઉપર બળાત્કાર તથા છેવટે હત્યા પણ થઈ રહી છે છતાં શા માટે કાયદાના ઘડવૈયાઓ સમક્ષ સખત કાયદા બનાવવા અનુરોધ જોઈએ તેવો નથી થતો ? ભાઈઓ ! બહેનો ! આ બળાત્કારીઓનું ટોળુ એક દિવસ તમારી બહેન દીકરીઓ પર પણ ત્રાટકે તે પહેલાં જાગી જાવ ! અને બળાત્કારીઓ માટે સખત કાયદા અને તત્કાળ કેસોના નિકાલની માગણી કરો ?

## યુનો (સંયુક્ત રાષ્ટ્રસંઘ)માં બળાત્કારનો પડઘો !

૧૪ એપ્રિલ, કાશ્મીર : ના કઠુઆમાં બાળકી પર રેપ અને હત્યાના કેસની ચર્ચા માત્ર ભારત જ નહીં અન્ય દેશોમાં પણ થઈ રહી છે. આ કેસને કારણે ભારતે ભારે બદનામીનો પણ સામનો કરવો પડયો હતો. સમગ્ર મામલો સંયુક્ત રાષ્ટ્રમાં પહોંચી ગયો છે. જે કોઈ પણ આરોપીઓ છે તેમની વિરુદ્ધ કડક પગલાં લેવાની માગ ત્યાંથી ઉઠી છે. સંયુક્ત રાષ્ટ્ર (યુનો)માં બોલતી વેળાએ અધ્યક્ષ એન્ટોનિયો ગટેરસે રડતાં રડતાં જણાવ્યું હતું કે મીડિયાના રિપોર્ટ પરથી જાણ થઈ કે કેવી રીતે ભારતના કાશ્મીરમાં એક આઠ વરસની બાળકી સાથે અતિ અમાનવીય ઘટના બની. બાળકી પર રેપ અને હત્યાની આ ઝઘન્ય ઘટનાની આંતર રાષ્ટ્રીય અખબારો તથા મીડિયાએ પણ નોંધ લીધી છે. જેને પગલે આંતર રાષ્ટ્રીય સ્તરે ભારતની બહુ જ બદનામી પણ થઈ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ ઘટના બાદ ખૂબ હંગામા દેશભરમાં થતાં મૌન તોડતાં કહ્યું કે, ''જગત સમક્ષ અમારુ માથુ શરમથી

ઝુકી ગયું છે, જે પણ અપરાધીઓ છે તેમની વિરુદ્ધ આકરાં પગલાં લેવામાં આવશે.'' પણ આ સૌ પ્રાથમિક ઉપચાર રૂપી મલમપટ્ટા તો જણાય છે પણ આવા બનાવોનો કાયમી ઉકેલ કેવી રીતે આવે તેના માટે વિચારવાનું રહ્યું. **મુસ્લિમ બહેનોની તલાક઼ના વિષયે જે જાહેરી લાગણીઓ વ્યક્ત થતી હતી, શરીઅતના ક઼ાનૂન વિરુદ્ધ વારંવાર નિવેદનો થતાં હતાં, ભારત આખુ ગજવાતુ હતું તેની સરખામણીમાં આ ટૂંકો દિલાસો અપૂરતો જણાય છે, કેમ કે આ તો એનાથી અનેક ગણી દુઃખદ તથા ગંભીર બાબત છે કે બાળકીઓ પર તથા સ્ત્રીઓ પર સતત ક્રુરતાપૂર્વક બળાત્કારો થઈ રહ્યા છે જેના આંકડા આપણુ તંત્ર જ બહાર પાડે છે! છતાં યથાયોગ્ય પગલાં નથી ભરાતાં તેથી જ તો આંકડા વરસે વરસે વધી રહ્યા છે. એ એક અતિ ચિંતનનો તથા ગંભીર વિષય છે તેના પ્રતિ ધ્યાનની જરૂર છે.**

## બાળકીઓ પર રેપની કેટલીક તાજી ઘટનાઓની ઝલક !

- ❒ **૦૧ એપ્રિલ, સીતાપુર** : માં સાત લોકોએ સગીરા સાથે ગેંગરેપ કર્યો. કિશોરીના ભાઈની પણ પીટાઈ કરી.
- ❒ **૧૬ એપ્રિલ, રાજકોટ** : ૯ વરસની બાળકીને ટીવી જોવા બોલાવી બિભત્સ વીડિયો બતાવી ૨૪ વરસના યુવાને ત્રણ વખત દુષ્કર્મ કર્યું.
- ❒ **૮ એપ્રિલ, મહેસાણા** : પાંચમા ધોરણમાં અભ્યાસ કરતી ૧૩ વરસની વિદ્યાર્થીને પોતાના ઘરે કામે બોલાવી શિક્ષકે અવારનવાર બળાત્કાર કર્યો.
- ❒ **૧૬-એપ્રિલ, ચોટીલા** : પોપટપરામાં રહેતા અને કડિયા કામ કરી પરિવારનું ગુજરાત ચલાવતા વિરાભાઈ રૂપાભાઈ ચૌહાણની ૧૬ વરસની સગીર પુત્રીનું બદકામ કરવાના ઈરાદો અપહરણ.
- ❒ **રોહતક-દિલ્હી** : ૧૦ વરસની બાળકીનું શબ મળ્યું. રેપ પછી હત્યાની આશંકા.
- ❒ **૧૬ એપ્રિલ, રાજકોટ** : બીજા ધોરણમાં ભણતી ટબુકડી પર પંદર દિવસમાં ત્રણવાર દુષ્કર્મ ભરવાડ શખ્સે કર્યું.
- ❒ **૧૬ એપ્રિલ, અમદાવાદ** : સરદારનગરમાં ૧૪ વર્ષની દીકરીનું અપહરણ કરી જોધપુર વેચી કાઢી.
- ❒ **૧૪ એપ્રિલ, ગાઝીયાબાદ** : માં અંધ અનાથ સગીરા પર બળાત્કાર. સગીરાને મોહનનગર વિસ્તારમાં રડતી જોતાં લોકોએ પોલીસમાં જાણ કરી.
- ❒ **૧૫ એપ્રિલ, ઉના** : ગીરગઢડા તોબના પ્રસિદ્ધ યાત્રાધામ ટપેશ્વર મહાદેવ ધામમાં બાળા સાથે ચેનચાળા કરતો એક ઈસમ ઝડપાયો, મા બાપ ચોંકી ઉઠયાં !
- ❒ **દિલ્હી બહાર શિવ વિહાર** : પાસે ૪૨ વર્ષના રીક્ષા ચાલક ૧૩ વરસની છોકરીને ઉઠાવી જઈ પત્ની બનાવી દુષ્કર્મ આચરતો. પડોશીએ ચાઈલ્ડ હેલ્પ લાઈનમાં ફોન કરતાં ભાંડો ફૂટયો.
- ❒ **બોરસદ** : ૧૮ વર્ષની સગીરા સાથે લકઝરી બસના સ્લીપર કોચમાં મરજી વિરુદ્ધ દુષ્કૃત્ય.

- **૧૪ એપ્રિલ, ઉચ્છલ** : ૧૯ વરસની યુવતીનું ગામના આધેડે અપહરણ કરીને બળાત્કાર ગુજાર્યો.
- **૧૩ એપ્રિલ, અમદાવાદ** : પતિને તાંત્રિકે ઘરેથી નદીએ લીંબુ પધરાવવા મોકલીને પરણીતા પર બળાત્કાર કર્યો.
- **૧૩ એપ્રિલ, વ્યારા** : ઉચ્છલના નાના વાઘસેપા ગામે ત્રણ બાળકોના પિતાએ યુવતિનું અપહરણ કરી ૮ દિવસ દુષ્કર્મ કર્યું.
- **૧૨ એપ્રિલ, વાપી** : છરવાડા ખાતે દસમા ધોરણમાં ભણતી ૧૫ વર્ષિય બાળકીનું અપહરણ કરી દુષ્કર્મ કરનારને (ફકત) સાત વરસની સજા.
- **૧૨ એપ્રિલ, મુંબઈ** : માં દિવ્યાંગ બાળાઓ પર શાળામાં દુષ્કર્મ આચરવામાં આવતાં ખળભળાટ.
- **૧૧ એપ્રિલ, ઝઘડિયા** : ઉમલ્લા વિસ્તારમાં તરૂણી ઉપર દુષ્કર્મ આચરી ગળામાં બ્લેડના ઘા મારતો નારાધમ.
- **૧૨ એપ્રિલ, ઓલપાડ** : ખલીપારે સીથાણ જતા રોડ પર ચાલતી જતી બે તરૂણીને શેરડીના ખેતરમાં ખેંચી જઈ બળાત્કાર.
- **૧૨ એપ્રિલ, હળવદ** : સગીરા પર એક રીક્ષા ચાલક સહિત ત્રણ શખ્સોએ છરીની અણીએ સામુહિક દુષ્કર્મ આચર્યું.
- **૧૦ એપ્રિલ, જામનગર** : બે સગી બહેનો સહિત ત્રણ સગીરાનું અપહરણ.
- **૯ એપ્રિલ, મહેસાણા** : જોટાણા પંથકની સગીરા પર માથાસુર સીમમાં બળાત્કાર ગુજારાયો.
- **૮ એપ્રિલ, મરોલી** : ટયુશન કલાસનો શિક્ષક વિદ્યાર્થીનીને ભગાડી જતાં ચકચાર !
- **૮ એપ્રિલ, રાજકોટ** : કાલાવડ રોડ પર વામ્બે આવાસ યોજનામાં રહેતી ચાર વરસની માસૂમ બાળા પર દુષ્કર્મ આચરાયું !
- **૬ એપ્રિલ, મધ્યપ્રદેશ** : સતનામાં સગીરાનું અપહરણ કરી ૧૫ દિવસ સુધી બળાત્કાર.
- **૧૬ એપ્રિલ, દેવભૂમિ (દ્વારકા)** : ખીરસરામાં સાત વર્ષની બાળકી સાથે બળાત્કાર.
- **૧૬ એપ્રિલ, યમૂના** : એક્સપ્રેસ વે પર મેરઠની યુવતિ પર ચાલતી કારમાં ગેંગરેપ.
- **૧૭ એપ્રિલ, હિંમતનગર** : ઘરકામ કરવા આવતી સગીરા પર બળાત્કાર.

આ તો ઝલક છે ફકત એપ્રિલ–૨૦૧૮ એક માસની, તે પણ ફકત ગુજરાત રાજ્યની જ ! આવા અનેક બનાવો દેશમાં દરરોજ બની રહ્યા છે, અને બનતા રહેશે. યુવતીઓ તો ઠીક હવે દેશમાં બાળકીઓ સલામત નથી માટે સજાના કાયદાઓમાં સત્વરે બદલાવ આવે એની તાતી જરૂરત છે. જોઈએ ! આપણુ તંત્ર હજી કેટલી ભોળી નિર્દોષ બાળકીઓ તથા યુવતીઓના ભોગ પછી સખત કાયદા લાવશે.

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ આ'લે ઈમરાન મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૨૦૦ આયતો, ૪૮૦ શબ્દો, અને ૧૪૫૨૦ અક્ષરો છે.

لَنْ تَنَالُوا الْبِرَّ حَتّٰى تُنْفِقُوْا مِمَّا تُحِبُّوْنَ ؕ وَ مَا
تُنْفِقُوْا مِنْ شَیْءٍ فَاِنَّ اللّٰهَ بِهٖ عَلِیْمٌ ﴿۹۲﴾ كُلُّ الطَّعَامِ
كَانَ حِلًّا لِّبَنِیْۤ اِسْرَآءِیْلَ اِلَّا مَا حَرَّمَ اِسْرَآءِیْلُ
عَلٰى نَفْسِهٖ مِنْ قَبْلِ اَنْ تُنَزَّلَ التَّوْرٰىةُ ؕ قُلْ فَاْتُوْا
بِالتَّوْرٰىةِ فَاتْلُوْهَاۤ اِنْ كُنْتُمْ صٰدِقِیْنَ ﴿۹۳﴾ فَمَنِ
افْتَرٰى عَلَى اللّٰهِ الْكَذِبَ مِنْۢ بَعْدِ ذٰلِكَ فَاُولٰٓىِٕكَ
هُمُ الظّٰلِمُوْنَ ﴿۹۴﴾ قُلْ صَدَقَ اللّٰهُ ۫ فَاتَّبِعُوْا مِلَّةَ
اِبْرٰهِیْمَ حَنِیْفًا ؕ وَ مَا كَانَ مِنَ الْمُشْرِكِیْنَ ﴿۹۵﴾ اِنَّ
اَوَّلَ بَیْتٍ وُّضِعَ لِلنَّاسِ لَلَّذِیْ بِبَكَّةَ مُبٰرَكًا وَّ
هُدًى لِّلْعٰلَمِیْنَ ﴿۹۶﴾ فِیْهِ اٰیٰتٌۢ بَیِّنٰتٌ مَّقَامُ
اِبْرٰهِیْمَ ۚ وَ مَنْ دَخَلَهٗ كَانَ اٰمِنًا ؕ وَ لِلّٰهِ عَلَى النَّاسِ
حِجُّ الْبَیْتِ مَنِ اسْتَطَاعَ اِلَیْهِ سَبِیْلًا ؕ وَ مَنْ كَفَرَ
فَاِنَّ اللّٰهَ غَنِیٌّ عَنِ الْعٰلَمِیْنَ ﴿۹۷﴾

## સૂરએ આલે ઈમરાનની તફસીર

તમે કદાપિ ભલાઈને ન પામો જ્યાં સુધી ખુદાના માર્ગમાં પોતાની પ્રિય વસ્તુ નહીં ખર્ચો,[૧] અને તમે જે કાંઈ ખર્ચ કરો (તે) અલ્લાહે જાણેલું છે (૯૨) બધા જમણ બની ઈસરાઈલને હલાલ હતા પણ તે (જમણ) જે યાકૂબે પોતાની ઉપર હરામ કરી લીધાં હતા તૌરાત ઉતરતા પહેલાં, તમે ફર્માવો જો સાચા હોવ તો તૌરાત લાવીને પઢો[૨] (૯૩) તો એના પછી જે અલ્લાહ ઉપર જૂઠ બાંધે[૩] તો તે જ જાલિમ છે (૯૪) તમે ફર્માવો અલ્લાહ સાચો છે તો ચાલો ઈબ્રાહીમના દીન પર[૪] જે દરેક અસત્યથી વેગળા હતા અને શિર્કવાળાઓમાં ન હતા (૯૫) બેશક ! સહુમાં પ્રથમ ઘર જે લોકો ખાતર ઈબાદત માટે નક્કી થયું તે છે જે મક્કામાં છે, બરકતવાળુ અને સર્વજગત માટે માર્ગદર્શક[૫] (૯૬) તેમાં સ્પષ્ટ નિશાનીઓ છે[૬] ઈબ્રાહીમના ઉભા રહેવાની જગ્યા[૭] અને જે તેમાં આવે અમાનમાં થાય[૮] અને લોકો પર અલ્લાહ માટે તે ઘરની હજ્જ કરવાનું છે તેના સુધી જઈ શકે[૯] અને જે મુન્કિર થાય તો અલ્લાહ સર્વ જગતથી બેપરવા છે[૧૦] (૯૭)

## :: સમજૂતી ::

**૧ :** (આયતમાં આવેલા) બિર્ર (શબ્દ)થી તક્વો (ખુદાનો ડર) અને તાઅત (આજ્ઞાનું પાલન કરવું) ધારવામાં આવે છે. હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું કે અહીં (આયતમાં) ખર્ચ કરવું સામાન્ય (અર્થ)માં છે. બધા સદકાઓને (લાગુ પડે છે) એટલે કે (સદકા) વાજિબ હોય કે નફ્લ, બધા એમાં સમાવિષ્ટ છે. હસનનું કથન છે કે જે માલ મુસલમાનને પ્રિય હોય અને તેને ખુદાની ખુશી ખાતર ખર્ચે તો આ આયતમાં દાખલ છે ભલે તે એક ખજૂર જ હોય. *(ખાઝિન)*

ઉમર બિન અબ્દુલ અઝીઝ ખાંડના દાગીના ખરીદીને સદકો કરતા હતા. તેમને કહેવામાં આવ્યું કે એની કિંમત જ શા માટે સદકો કરી દેતા નથી ? ફર્માવ્યું, ખાંડ મને પ્રિય અને પસંદ છે (માટે) ઈચ્છુ છું કે ખુદાના માર્ગમાં પ્રિય વસ્તુ વાપરૂ. *(મદારિક)*

બુખારી અને મુસ્લિમની હદીષ છે કે હઝરત અબૂ તલ્હા અન્સારી મદીનામાં મોટા માલદાર હતા તેમને પોતાના માલમાં બીરહા (નામનો બાગ) અતિ પ્રિય હતો. જ્યારે આ આયત ઉતરી ત્યારે તેમણે બારગાહે રિસાલતમાં ઉભા થઈને કહ્યું, મને પોતાના માલમાં બીરહા બધાથી વહાલો છે, હું તેને ખુદાના માર્ગમાં સદકો કરું છું. હુઝૂરે એ બાબતની ખુશી વ્યક્ત કરી અને હઝરત અબૂ તલ્હાએ હુઝૂરની મરજીથી તેને પોતાના સગાઓ અને પિત્રાઈ ભાઈઓમાં વહેંચી આપ્યો.

હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہએ અબૂ મૂસા અશ્અરીને લખ્યું કે મારા માટે એક લોંડી ખરીદીને મોકલી આપે. જ્યારે તે આવી તો આપને ઘણી ગમી ગઈ. આપે આ આયત પઢીને ખુદા ખાતર તેને આઝાદ કરી દીધી. (ગુલામીમાંથી તેને મુક્તિ આપી).

**૨ : શાને નુઝૂલ :** યહૂદીઓએ સૈયદે આલમ ﷺને કહ્યું કે હુઝૂર પોતાને મિલ્લતે ઈબ્રાહીમી પર (હોવાનું) જાણે છે અને હઝરત ઈબ્રાહીમ તો ઊંટનો ગોશ્ત અને દૂધ ખાતા ન હતા, આપ તો ખાવ છો ! તો આપ મિલ્લતે ઈબ્રાહીમી પર કેમ કરીને થયા ? હુઝૂરે ફર્માવ્યું કે આ વસ્તુઓ હઝરત ઈબ્રાહીમ علیہ السلام પર હલાલ હતી. યહૂદીઓ કહેવા લાગ્યા કે એ હઝરત નૂહ પર પણ હરામ હતી. હઝરત ઈબ્રાહીમ علیہ السلام પર હલાલ હતી. યહૂદીઓ કહેવા લાગ્યા કે એ હઝરત નૂહ પર પણ હરામ હતી. હઝરત ઈબ્રાહીમ પર પણ હરામ હતી. અને અમારા સુધી હરામ જ ચાલી આવી (છે). તેના વિશે અલ્લાહે આ આયત ઉતારી અને બતાવવામાં આવ્યું કે યહૂદીઓનો આ દાવો ખોટો છે, બલ્કે એ વસ્તુઓ હઝરત ઈબ્રાહીમ અને ઈસ્માઈલ અને ઈસ્હાક અને યાકૂબ પર હલાલ હતી, હઝરત યાકૂબે કોઈ કારણસર એમને પોતાના પર હરામ કરી લીધી. અને એ હરામ હોવું તેમના વંશમાં બાકી રહ્યું. યહૂદીઓએ એનો ઈન્કાર કર્યો, ત્યારે હુઝૂર ﷺએ ફર્માવ્યું કે તવરાત આ વિષયમાં બોલે છે, જો તમને અસ્વીકાર્ય હોય તો તવરાત લાવો, ત્યારે યહૂદીઓને પોતાની ફજેતી અને બદનામીની બીક લાગી અને તેઓ તવરાત લાવી શક્યા નહીં, તેમનું જૂઠ જાહેર થયું અને તેમને શરમિંદગી વેઠવી પડી.

**ફાયદો :** એનાથી સાબિત થયું કે પાછલી શરીઅતોમાં અહકામ મન્સૂખ થતા હતા. એમાં યહૂદીઓને રદીયો છે જેઓ મન્સૂખ થવાને માનતા ન હતા.

**ફાયદો :** હુઝૂર સૈયદે આલમ ﷺ ઉમ્મી હતા. તે છતાં યહૂદીઓને તવરાતથી વળતો જવાબ આપવો અને તવરાતના વિષયોથી દલીલ કરવી આપનો મોઅજિઝો અને નબુવ્વતની દલીલ છે. અને

એનાથી આપના વહબી (ખુદા તરફથી મળેલા) અને ગૈબી ઈલ્મો સાબિત થાય છે.

૩ : અને કહે કે મિલ્લતે ઈબ્રાહીમીમાં ઊંટોનું માસ અને દૂધ અલ્લાહ તઆલાએ હરામ કર્યાં હતાં.

૪ : કારણ કે તે જ ઈસ્લામ અને દીને મુહમ્મદી છે.

૫ : **શાને નુઝૂલ** : યહૂદીઓએ મુસલમાનોને કહ્યું હતું કે બયતુલ મુક઼દસ અમારો કિ઼બ્લો છે (જે) કા'બાથી શ્રેષ્ઠ અને તેનાથી પ્રથમ છે. અંબિયાનું હિજરત સ્થાન અને ઈબાદતનો કિ઼બ્લો છે, મુસલમાનોએ કહ્યું કે કા'બા અફઝલ છે. તે બાબતમાં આયતે કરીમા ઉતરી અને એમાં દર્શાવવામાં આવ્યું કે સહુ પ્રથમ મકાન જેને અલ્લાહે તાઅત અને ઈબાદત માટે નક્કી કર્યું, નમાઝનો કિ઼બ્લો, હજ અને તવાફની જગ્યા બનાવી જેમાં નેકીઓનો સવાબ વધી જાય છે તે કા'બાએ મુઅઝ્ઝમા બયતુલ મુક઼દસ કરતાં ચાલીસ વરસ પહેલાં બનાવવામાં આવ્યું છે.

૬ : જે તેની હુરમત અને શ્રેષ્ઠતા તરફ દિશા સૂચન કરે છે, તે નિશાનીઓમાં અમુક એ છે કે પક્ષીઓ કા'બા શરીફ ઉપર નથી બેસતાં, અને તેની ઉપર થઈને ઉડતાં પણ નથી, બલ્કે ઉડતાં ઉડતાં આવે છે ત્યારે બાજુ પર ફંટાય જાય છે. અને જે પક્ષીઓ માંદા પડે છે તે પોતાનો ઈલાજ એ જ રીતે કરે છે કે કા'બાની હવામાં થઈને પસાર થઈ જાય છે એનાથી જ તેમને સારૂ થઈ જાય છે. અને જંગલી જાનવરો હરમમાં એકબીજાને તકલીફ આપતાં નથી, એટલા સુધી કે કૂતરાઓ તે સરઝમીનમાં હરણ પાછળ દોડતા નથી અને ત્યાં શિકાર કરતા નથી, અને લોકોનાં હૃદય કા'બા મુઅઝ્ઝમા તરફ ખેંચાઈ છે. અને તેના તરફ નજર કરવાથી આંસૂં વહેવા લાગે છે, અને **દરકે જુમ્અહની રાત્રે અવલિયાની રૂહો એની આજુબાજુમાં એકત્ર થાય છે.** અને જે કોઈ એના અપમાનનો ઈરાદો કરે છે તે બરબાદ થઈ જાય છે. એ જ નિશાનીઓમાંથી મુકામે ઈબ્રાહીમ વિગેરે છે, જેનું આયતમાં બયાન કરવામાં આવ્યું છે.

*–(મદારિક, ખાઝિન, અહમદી)*

૭ : મુકામે ઈબ્રાહીમ તે પથ્થર છે જેના ઉપર હઝરત ઈબ્રાહીમ علیہ السلام ખાનએ કા'બાના ચણતર સમયે ઉભા રહ્યા હતા અને તેમાં આપના ક઼દમ મુબારકનાં નિશાન હતાં જે લાંબો સમય પસાર થવા છતાં અને ઘણા હાથો અડયા હોવા છતાં હજુ સુધી અમુક અંશે બાકી છે.

૮ : એટલા સુધી કે જો કોઈ માણસ ખૂન કરીને અથવા બીજુ ખરાબ કૃત્ય કરીને હરમમાં પ્રવેશી જાય તો ત્યાં તેને ન તો ક઼ત્લ કરવામાં આવશે ન તેને સજા કરવામાં આવશે. હઝરત ઉમર رضی اللہ عنہએ ફર્માવ્યું કે જો હું મારા પિતા ખત્તાબના ખૂનીને પણ હરમ શરીફમાં મળું તો તેને હાથ ન લગાડું ત્યાં સુધી કે તે ત્યાંથી બહાર ન આવે.

૯ : **મસ્અલો** : આ આયતમાં હજ ફર્ઝ હોવાનું બયાન છે. અને એનું બયાન છે કે (હજ માટે) ઈસ્તિતાઅત (શક્તિ હોવી) શર્ત છે. હદીષ શરીફમાં સૈયદે આલમ صلی اللہ علیہ وسلمએ "ઝાદે રાહલા" (માર્ગનો ખર્ચ વિગેરે)થી એની તફસીર ફર્માવી છે. ઝાદ એટલે ભાથું, અર્થાત ખાવા પીવાની વ્યવસ્થા એટલી હોવી જોઈએ કે જઈને પરત આવતાં સુધી પૂરતી હોય. અને એ વ્યવસ્થા પરત આવતા સુધી એહલો અયાલના ખર્ચા સિવાયની હોવી જોઈએ. માર્ગની શાંતિ પણ જરૂરી છે, કારણ કે એના વગર ઈસ્તિતાઅત સાબિત થતી નથી.

૧૦ : એનાથી અલ્લાહ તઆલાની નારાજી જાહેર થાય છે, અને એ મસઅલો પણ સાબિત થાય છે કે ફર્ઝે ક઼તઈનો મુન્કિર **કાફિર** છે.

દર્સે હદીષે પાક

મિર્આતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ
એટલે
# મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

કાર્યાલય

***હદીષ*** : *હઝરત અબૂ ઐયૂબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવ્યું રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام એ કે મારી ઉમ્મત ભલાઈ પર અથવા ફર્માવ્યું, ફિતરત પર રહેશે[૧] જ્યાં સુધી મગરિબ તારાઓના ગુંથાઈ જતા સુધી મોડી ન કરે[૨]. (અબૂ દાઊદ)*

*દારમીએ હઝરત અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જો એ ખયાલ ન હોત કે હું મારી ઉમ્મતા પર તકલીફ નાખી દઈશ તો તેમને હુકમ આપતો કે ઈશાને ૧/૩ અથવા અડધી રાત સુધી મોડી કરે[3]. (અહમદ, તિર્મિઝી, ઈબ્ને માજહ)*

*હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે આ નમાઝને મોડેથી પઢયા કરો, કેમ કે તમને એના કારણે સર્વ ઉમ્મતો પર ઉત્તમતા આપવામાં આવી કે તમારાથી પહેલાં આ નમાઝ કોઈ ઉમ્મતે નથી પઢી[૪]. (અબૂ દાઊદ)*

*હઝરત નોઅમાન બિન બશીર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવ્યું કે હું આ નમાઝ એટલે ઈશાનો અંતિમ સમય હું સારી પેઠે જાણુ છું. રસૂલુલ્લાહ ﷺ ત્રીજી રાતનો ચાંદ ડૂબી ગયા બાદ પઢયા કરતા હતા[૫]. (અબૂ દાઊદ, દારમી)*

*ઈબ્ને રાફેઅ ઈબ્ને ખદીજ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવ્યું છે કે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, ફજર અજવાળામાં પઢો કેમ કે એનો સવાબ મહાન છે[૬]. (તિર્મિઝી, અબૂ દાઊદ, દારમી)[૭] અને નિસાઈની નજીક એવું નથી કે એનો સવાબ મહાન છે.*

*(ત્રીજો વિભાગ) હઝરત રાફેઅ ઈબ્ને ખદીજ رضی اللہ عنہ થી રિવાયત છે કે અમો અસ્રની નમાઝ રસૂલુલ્લાહ ﷺ ની સાથે પઢતા હતા પછી ઊંટ ઝબહ કરવામાં આવતુ, પછી તેના દસ હિસ્સા કરવામાં આવતા, પછી રાંધવામાં આવતું. અમો સૂરજ ડૂબતા પહેલાં ભૂંજાયેલો ગોશ્ત ખાય લેતા[૮]. (મુસ્લિમ, બુખારી)*

*રિવાયત છે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી. ફર્માવે છે કે અમો એક રાતે છેલ્લી ઈશાની નમાઝના માટે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام ની રાહ જોવામાં ઘણીવાર બેઠા[૯]. આપ ત્યારે તશરીફ લાવ્યા જ્યારે ૧/૩ રાત પસાર થઈ ગઈ, અથવા એનાથી પણ પછી. અમને ખબર નથી કે હુઝૂર ﷺ ને કયા કામે પોતાના ઘરમાં રોકી રાખ્યા, અથવા કાંઈ અન્ય સબબ હતો[૧૦] જ્યારે તશરીફ લાવ્યા તો ફર્માવ્યું કે તમો એવી નમાઝની રાહ જોઈ રહ્યા છો જેનો તમારા સિવાય કોઈ દીનવાળો ઈન્તેઝાર નથી કરી રહ્યો[૧૧]. જો મારી ઉમ્મતને અઘરી ન પડત તો હું તેમને આ નમાઝ આ જ સમયે પઢાવ્યા કરતો[૧૨]. પછી મોઅઝ્ઝિનને હુકમ આપ્યો, તેમણે નમાઝની તકબીર કહી અને નમાઝ પઢી. (મુસ્લિમ)*

## :: સમજૂતી ::

**૧.** ફિતરતથી મુરાદ ઈસ્લામ છે, અથવા અંબિયાની સુન્નત, અથવા ઈસ્લામની કાયમની સુન્નત.

**૨.** એનાથી જાણવા મળ્યું કે મગરિબમાં એટલુ મોડુ કરવું મકરૂહ છે કે જેથી તારા ખૂબ ચમકી ઉઠે અને સર્વ તારાઓ જાહેર થઈને ગાઢ થઈ જાય. જેમ કે રાફઝીઓની મગરિબનો સમય. આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہની દલીલ છે કે શફક સફેદીનું નામ છે, ન કે રતાશનું. સફેદીમાં મગરિબનો સમય રહે છે, કેમ કે તારાઓનું ગુંથાવું અને ગાઢ થવું રતાશના સમયે નથી હોતું, સફેદીના સમયે હોય છે. એ સમયને હુઝૂર ﷺએ મગરિબનો અંતિમ સમય ઠરાવ્યો છે. એને મગરિબમાં મોડુ થવું દર્શાવ્યું કઝા નથી દર્શાવ્યું, એના પરથી જાણવા મળ્યું કે ઈન્શાઅલ્લાહ ! ખૈર પર છે અને રહેશે. કેમ કે એઓ મગરિબ જલ્દી પઢે છે.

**૩.** اَوْنِصْفِہٖમાં રાવીને શક છે કે હુઝૂર ﷺએ કયાં તો ત્રીજો ભાગ ફર્માવ્યું અથવા અડધો. આ હદીષ તે હદીષોની શરહ છે જેમાં શરૂ સમયમાં નમાઝ પઢ વાનું ઉત્તેજન છે. આ હદીષે દર્શાવ્યું છે કે અહીં સમયથી શરૂ મુસ્તહબ સમય મુરાદ હતું. મતલબ એ છે કે જો ઉમ્મત પર કઠણાઈનો ખયાલ ન હોત તો હું ઈશાને એટલી મોડે ફર્ઝ ઠરાવી આપત કે એના પહેલાં ઈશા જાઈઝ જ ન હોત. હવે એ મોડુ કરવું સુન્નત છે તો પણ ફર્ઝ નથી. **આ હદીષથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺ અલ્લાહના હુકમથી શરઈ હુકમોના માલિક તથા મુખ્તાર છે કે પરવરદિગારના હુકમથી જે ચાહે ફર્ઝ કરે જે ચાહે ફર્ઝ ન કરે.** એના માટે અમારી કિતાબ "સલ્તનતે મુસ્તફા" ﷺ જુઓ. એ પણ જાણવા મળ્યું કે હુઝૂર ﷺ ઉમ્મત પર એવા રહીમ તથા કરીમ છે કે ઈબાદતોમાં પણ ઉમ્મતની રાહતનો ખયાલ રાખે છે.

**૪.** એટલે કેમ કે ઈશાની નમાઝ તમને જ મળી છે એટલા માટે એને મોડેથી પઢયા કરો કે જેથી તમને નમાઝની રાહ જોવાનો સવાબ મળે અને એને પઢયા કરો કે જેથી તમને નમાઝની રાહ જોવાનો સવાબ મળે અને એના પછી અધિક વાતોનો સમય ન રહે, તરત જ સૂઈ જયા કરો. આ હદીષથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺની ઉમ્મત સર્વ ઉમ્મતોથી અફઝલ છે. આ ફઝીલતનાં ઘણા કારણો છે જેમાંથી એક ઈશાનું મળવું પણ છે. યાદ રાખશો કે ઈશાની નમાઝ આપણાથી પહેલાં કોઈ ઉમ્મત પર ફર્ઝ ન હતી. હા ! અમુક નબી નફ્લ રૂપે એને પઢતા રહ્યા છે. જેથી આ હદીષ એના વિરુદ્ધ નથી જેમાં જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી હતી કે આ સમયો આપના તથા આપનાથી પહેલાંના નબીઓની નમાઝોના છે, અને ન એ રિવાયતની વિરુદ્ધ છે કે મૂસા علیہ السلامએ વાદીએ સીનાથી આવીને પોતાની પત્ની સફૂરાને સહી સલામત જોતાં ઈશાની નમાઝ પઢી.

**૫.** આ સમય ઠંડી ઋતુમાં રાતના લગભગ સાડા નવ વાગે બને છે, જેવું કે અનુભવથી માલૂમ પડયું.

**૬.** આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہની મજબૂત દલીલ છે કે ફજર અજવાળામાં પઢવી જોઈએ. યાદ રાખશો કે અંધારામાં ફજર પઢવાની અમલી હદીષો તો છે પણ કૌલી હદીષ કોઈ નથી. આ હદીષોમાં સંભાવના છે કે કદાચ મસ્જિદનું અંધારૂ રહેતુ હોય ન કે સમયનું. પણ આ હદીષમાં કોઈ તાવીલ (અર્થઘટન) નથી થઈ શકતી, એટલા માટે સહાબાએ કિરામ ફજર અજવાળામાં પઢતા હતા. જેમ કે ઘણી હદીષોથી સાબિત છે. અમે એ હદીષો અમારી કિતાબ જાઅલ હક્ક (ભાગ–૨)માં ભેગી કરેલી છે. આ હદીષનું સમર્થન બે ચીજોથી થાય છે : એક એ કે મુસ્લિમ તથા બુખારીએ સૈયદના ઈબ્ને મસઊદ رضی اللہ عنہથી રિવાયત કરી કે નબી علیہ الصلوٰۃ والسلامએ

મુઝદલ્ફામાં દરરોજના સમય કરતાં પહેલી પઢી તો રોજ હુઝૂર ﷺ પોહ ફાટતાં જ ફજર પઢતા હોત તો આજે મુઝદલ્ફામાં કયા સમયે પઢી ? શું સમય શરૂ થતા પહેલાં પઢી લીધી ? જેથી આ હદીષનો એ જ મતલબ થશે કે દરરોજ અજવાળામાં પઢતા હતા પણ આજે અંધારામાં પઢી. આ જ હનફીઓનો મઝહબ છે. બીજુ એ કે ફજરની નમાઝ ઘણી બધી ચીજોમાં મગરિબની નમાઝના હુકમમાં છે. મગરિબમાં અજવાળુ સુન્નત છે તો અહીં પણ અજવાળુ જ હોવું જોઈએ. હા ! ત્યાં અજવાળુ શરૂ સમયે થાય છે, ફજરમાં અંતિમ સમયમાં થાય છે. એની સંપૂર્ણ ચર્ચા જાઅલ્ હક્કમાં જુઓ.

**૭.** તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષ હસન સહીહ છે. તેમજ આ હદીષ ઈબ્ને માજહ, બયહકી, અબૂ દાઊદ તથા તયાલ્સી તથા તિબ્રાનીમાં પણ છે.

**૮.** અનુભવ સાક્ષી છે કે અરબવાસીઓ જાનવર ઝબહ કરવા તથા ગોશ્ત બનાવવામાં ઘણા જ ઝડપી તથા નિષ્ણાત છે. ફકીરે (લેખકે) પોતાની આંખો વડે એનો અનુભવ કર્યો છે. જેથી બે મિષ્લ બાદ અસર પઢીને આ સર્વ કામો ખૂબી સાથે થઈ શકે છે. ખાસ કરીને ગરમીની ઋતુમાં કે એ સમયમાં અસરનો સમય લગભગ બે કલાક રહે છે. જેથી આ હદીષથી એક મિષ્લ પર અસર પઢવું હરગિઝ સાબિત નથી થતું. તેમજ યુવાન ઊંટનો ગોશ્ત જલ્દી ચઢી જાય છે અને અમુક નિષ્ણાત પકવવાવાળા જલ્દી પકાવી લે છે. પાકિસ્તાની કસાઈ તથા રસોઈયા એટલું કામ આખા દિવસમાં નથી કરી શકતા.

**૯.** યાદ રાખશો કે નમાઝ પઢવી પણ ઈબાદત અને નમાઝની રાહ જોવી પણ ઈબાદત છે. ખાસ કરીને નબી ﷺની રાહ જોવી બેહતરીન ઈબાદત છે. એના પરથી સહાબાએ કિરામનો અદબનો તરીકો જાણવા મળ્યો કે તે હઝરાત કદી હુઝૂર علیہ الصلوٰۃ والسلامને ન બૂમ પાડીને બોલાવતા હતા ન નમાઝીઓને ભેગા થઈ જવાની ખબર આપતા હતા. તેઓ સમજતા હતા કે ખબીર (ખબરદાર)ને ખબર શાથી આપવી ?! તેમજ કુર્આને કરીમે બૂમો પાડીને બોલાવનારાઓને મૂર્ખ ઠરાવ્યા. ફર્માવ્યું છે : اِنَّ الَّذِیۡنَ یُنَادُوۡنَکَ... સહાબાએ કિરામ હુઝૂર ﷺને નમાઝના માટે જગાડતા પણ ન હતા.

**૧૦.** કેમ કે ન હુઝૂરે મોડુ થવાનું કારણ બતાવ્યું અને ન બેઅદબીના ખૌફથી અમે પૂછયું. આ પરથી જાણવા મળ્યું કે મુરીદ મુર્શિદને દરેક વાત પૂછયા ન કરે, સબ્રથી કામ લેતો રહે. ખિઝર علیہ السلامએ મૂસા علیہ السلامને ફર્માવ્યું હતું કે તમો મારા કોઈ અમલ પર સવાલ ન કરશો.

**૧૧.** એટલે કે તમારું આ રાહ જોવું પણ ઈબાદત છે. અત્યાર સુધી જાગવું, મસ્જિદમાં બેસવું, તકલીફ વેઠવું સર્વ ઈબાદત છે. આટલી ઈબાદતનો સમૂહ કોઈ નબીને નસીબ નથી થયો. આ હદીષના કારણે કેટલાક ઉલમા ફર્માવે છે કે ઈશા અસ્રથી પણ અફઝલ છે.

**૧૨.** જાણવા મળે છે કે અન્ય દિવસોની સરખામણીમાં આજે ઈશા અધિક લેટ થઈ ગઈ હતી. નમાઝ પઢાવવાથી મુરાદ એમને એ વખતે પઢવાનો હુકમ આપવું છે. ......*(ક્રમશઃ)*


## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**ડેન્ટિસ્ટ સુન્ની યુવતી** : ડોકટર પિતાની સુન્ની મુસ્લિમ સંસ્કારી ડોકટર (ડેન્ટિસ્ટ) છોકરી, ઉંમર : ૨૪ વર્ષ, ઊંચાઈ : ૫'.૩'' માટે ઉચ્ચ અભ્યાસ ધરાવતા યુવકોના વાલીઓ તરફથી સંપૂર્ણ બાયોડેટા ફોટા સાથે સંપર્ક કરવામાં આવે. સંપર્ક નં. : **Mob. 9825207206**

# હ઼દાઈક઼ે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**મુઝદાબાદ અય આસીયો ! શાફેઅ શહે અબરાર હૈ**
**તહનિયત અય મુજરિમો ! ઝાતે ખુદા ગફ્ફાર હૈ**

*(મુઝદાબાદ = મુબારકબાદ, આસીયો = શફાઅત કરનાર, શહે અબરાર = નેકીઓના બાદશાહ, તહનિયત = ખુશખબરી, ગફ્ફાર = બખ્શનાર)*

**અર્થાત** : હે ગુનેહગારો ! (તમારા માટે કુર્આન હદીષથી એક ઘણી જ મહાન ખુશખબરી લાવ્યો છું) મુબારક થજો કે (ક઼યામતના દિવસે આપણા જ આક઼ા તથા મૌલા) જે નેકીઓના સરદાર છે તે આપણી શફાઅત કરશે. અય ગુનેહગારો ! ખુશખબર કે એ ઝાતે ખુદા પણ ખૂબ જ બખ્શનાર (માફ કરનાર) જાત છે.

*યા રબ તૂ કરીમી વ રસૂલ તૂ કરીમ–સદ શુક્ર કર હસ્તીમ મિયાને દો કરીમ*

હે અલ્લાહ ! તું પણ કરમ કરનારો છે અને તારો રસૂલ પણ કરીમ છે. અને કરીમને કોઈ ગુનેહગાર, રહમને પાત્ર તો જોઈએ ! અને તે ગુનેહગાર તથા રહમને પાત્ર હું છું.

**અર્શ સા ફર્શે ઝમીન હૈ ફર્શ પા અર્શે બરીં–કયા નિરાલી તર્ઝ કી નામે ખુદા રફતાર હૈ**

*(અર્શ સા = અર્શ જેમ, ફર્શ પા = પગો નીચેની જમીન, બરીં = ઊંચી, નિરાલી તર્ઝ, અનોખો તરીક઼ો, રફતાર = ચાલ)*

**અર્થાત** : જે ભૂમિ પર હુઝૂર ﷺ ક઼દમ મુબારક રાખે છે તે ફર્શ થઈને પણ અર્શની જેમ છે કે અલ્લાહ તઆલા એની ક઼સમ યાદ ફર્માવે છે : لا اقسم بھذ البلد અને જ્યારે મેઅરાજની રાત્રે હુઝૂર علیہ الصلوٰۃ والسلامના ક઼દમ મુબારક અર્શથી લાગ્યા તો અર્શને બુઝુર્ગી મળી અને તે આપના ક઼દમોની નીચે ફર્શ બની ગયું, પછી એના પર હુઝૂર ﷺનું ચાલવું, અલ્લાહ ! અલ્લાહ ! શું અનોખી ચાલ હશે ! *હૈ અર્શે હક્ક઼ ઝેરે પાએ મુહમ્મદ* ﷺ

આપના ક઼દમ જમીન પર લાગ્યા તો અલ્લાહ તઆલાએ સર્વ જમીનને મસ્જિદનો દરજ્જો આપી દીધો. હુઝૂર ﷺએ ખુદ ફર્માવ્યું, جعلت لی الارض مسجدا و طھورا "મારા માટે સઘળી જમીન મસ્જિદ બનાવી દેવામાં આવી." *(મિશ્કાત)*

*તારીક શબમેં આપને રખા જહાં ક઼દમ–મહતાબે નક઼્શે પા સે વહાં રોશની હૂઈ*

**ચાંદ શક઼ હો, પેળ બોલે જાનવર સજદા કરેં–બારકલ્લાહ ! મરજઅ઼ે આ઼લમ યહી સરકાર હૈ**

*(શક઼ = ફાટી જાય, પેળ = ઝાડ, બારકલ્લાહ = અલ્લાહ આપને બરકત આપે, મરજઅ઼ = શરણ સ્થાન)*

**અર્થાત** : હે લોકો ! જુઓ ! આપણા આક઼ા ﷺ પર અલ્લાહ તઆલાનો કેટલો કરમ છે કે આપની આંગળીના ઈશારાથી ચાંદ ટુકડા થઈ રહ્યો છે. *(બુખારી વ મુસ્લિમ મિશ્કાત, પેજ : પ૨૪)* આપના હુકમથી ઝાડોને બોલવાની શક્તિ મળી રહી છે. *(મોઅજિઝાતે સૈયદુલ મુરસલીન ﷺ, તિર્મિઝી)* જાનવરો આપને સજદો કરે છે.
*–(મોઅજિઝાત)*

સુબ્હાનલ્લાહ ! આપણા આક઼ા علیہ الصلوٰۃ والسلام કેવળ માનવોના જ શરણસ્થાન (મરજઅ્) નથી બલ્કે મરજએ્ આ઼લમ એટલે તમામ મખ્લૂક઼ આપના પ્રતિ રુજૂઅ કરે છે અને આપ સૌનું શરણસ્થાન છો.

*મહબૂબે કિબ્રિયા કા દરે પાક છોળકર–અલ્લાહ તક રસાઈ હો કિસ તરહ*
*જબ દિખાએ રાહ ન સીરત હુઝૂર કી–ભટકે હૂઓં કી રાહનુમાઈ હો કિસ તરહ*

**જિનકો સૂએ આસ્માં ફૈલાકે જલ થલ ભર દિયે**
**સદક઼ા ઉન હાથોં કા પ્યારે હમકો ભી દરકાર હૈ**

*(સૂએ = તરફ, જલ થલ = પાણી જ પાણી કરી દેવું, દરકાર = જરૂરી)*

**અર્થાત** : હે મારા પ્યારા આક઼ા ! જે ગોરા ગોરા નૂરાની તથા બાબરકત હાથોને આસ્માનની તરફ વરસાદના માટે દુઆ કરવા ફેલાવીને આપે મદીના તયબહમાં પાણી જ પાણી કરી આપ્યું, ત્યાં સુધી કે આખુ અઠવાડિયુ વરસાદ પડતો રહ્યો અને પછી આપની ખિદમતમાં બીજીવાર અરજ કરવામાં આવી કે યા રસૂલલ્લાહ ! ﷺ પહેલાં વર્ષા થતી ન હતી, હવે રોકાતી નથી ! કદાચ કહેતી હશે કે જેણે થવાનું કહ્યું તે કહેશે તો જ રોકાઈશ ! પછી આપે અર્ઝ કરી : **اللّٰھم حوالینا ولا علینا** "હે અલ્લાહ ! મદીનાની ઉપર વરસાદ રોકાય જાય અને આસપાસ થતી રહે." તો જ્યાં સુધી આપે આપની મુબારક આંગળી વડે વર્તુળ બનાવ્યું ત્યાં સુધી આસ્માન સાફ થઈ ગયું અને આસપાસ વરસાદ પડતો રહ્યો. (આ હદીષને ઈમામ બુખારીએ લગભગ ૧૭ વાર સહીહ બુખારીમાં નક઼લ કરી છે.) હે પ્યારા આક઼ા ! ﷺ આ નૂરાની હાથોનો સદક઼ો અમને પણ અતા થાય. એટલે કે અમારી બખ્શિશના માટે પણ એકવાર ઉઠાવી દો.

*ખુદા જાને સરે મહેશર ગુનેહગારોંપે ક્યા ગુઝરે–કે જબ મૌજૂદ કુલ બંદે વહાં પર બેગુમાં હોંગે*
*ન ગભરા અય બશીરે નાતવાં અપને ગુનાહોં પર–શફ઼ાઅત તેરી ફ઼ર્માએંગે વો આક઼ા જહાં હોંગે*

**લબે ઝુલાલ ચશમએ કુનમેં ગુંધે વક઼્ત ખમીર**
**મુર્દે ઝિંદા કરના અય જાં તુમકો ક્યા દુશ્વાર હૈ**

*(ઝુલાલ = સાફ સુથરૂ તથા ઠંડુ મીઠુ પાણી, કુન = થઈ જા, ગુંધે = ગુંદવું જેમ કે આટો)*

**અર્થાત** : આપણા આક઼ા વ મૌલા ﷺની બશરિયતને બનાવવાના માટે જ્યારે અલ્લાહે આપનુ ખમીર તૈયાર કર્યું તો ચશમએ કુનના સાફ સુથરા, નીતરેલા અને ઠંડા મીઠા પાણીથી આપ علیہ الصلوٰۃ والسلامના મુબારક લબો (હોઠો) બનાવવામાં આવ્યા, પછી મુડદાં જીવંત કરવાં એ આપના માટે કયુ મુશ્કેલ કામ છે. આ કામ તો આપની ઉમ્મતના સેંકડો અવલિયાએ કિરામે પણ કરી દેખાડયું. જેમ કે કેટલીયે કિતાબોમાં ગૌષ પાક رضی اللہ عنہનું મુડદાંઓને જીવંત કરવાનુ વર્ણન છે. હુઝૂર ﷺ તો એની ઉપરનો કમાલ દેખાડે છે કે પથ્થર તથા ઝાડ બોલીને આપને અર્ઝ કરે છે : **السلام علیك یا رسول اللّٰہ** *(રવાહુત્તિર્મિઝી)*

**ગોરે ગોરે પાઉં ચમકા દો ખુદા કે વાસ્તે–નૂર કા તળકા હો પ્યારે ગોર કી શબે તાર હૈ**

**અર્થાત :** હે મારા પ્યારા રસૂલ ! ﷺ ખુદાના ખાતર આપના ગોરા ગોરા તથા નૂરાની મુબારક કદમો મારી અંધારી કબ્રમાં રાખીને મારી કબ્રની કાળી રાતને સુબ્હે નૂર (રોશન સવાર) બનાવી દો જેથી મારી ગભરાહટ દૂર થઈ જાય અને આપના નૂરથી નકીરૈનના સવાલોના સરળતાપૂર્વક જવાબો આપી શકું.

**તેરે હી દામન પે હર આસી કી પળતી હૈ નઝર–એક જાને બે ખતા પર દો જહાંકા બાર હૈ**

*(આસી = ગુનેહગાર, બે ખતા = માસૂમ, બાર = બોજના દામનો)*

**અર્થાત :** હે મારા લજપાલ ! દરેક ગુનેહગારની નિગાહો આપના જ રહમતના દામનો પર લાગેલી છે. ભલે ઉમ્મત અગણિત છે અને આપની એકલી માસૂમ જાત છે, પરંતુ અલ્લાહે આપને એવી પાકીઝા જાન અતા ફર્માવી છે કે આખી ઉમ્મતના ગુનાહોનો બોજ ઉઠાવવાના માટે આપની અકેલી જાન જ પૂરતી છે.

**જોશે તુફાને બહરે બેપાયાં હવા નાસાઝ ગાર–નૂહ કે મૌલા કરમ કર દે તો બેળા પાર હૈ**

*(બહરે બેપાયાં = અસીમ સમુદ્ર, નાસાઝગાર = વિરોધી હવાઓ, મૌલા = આકા ﷺ)*

**અર્થાત :** હે મારા પ્યારા આકા ! ﷺ તોફાન (ગુનાહોનું) જોરમાં છે, સમુદ્ર એવો છે કે એનો કિનારો નથી દેખાતો, જ્યારે કે હવા પણ વિરુદ્ધ દીશામાં ચાલી રહી છે. હે પ્યારા આકા ! ﷺ નૂહ علیہ السلام એ તો પોતાની નાવમાં પોતાના માનવાવાળાઓને બેસાડીને તોફાનથી બચાવી લીધા હતા, અને આપ તો નૂહ علیہ السلام ના પણ આકા છો, આપના માટે તો કોઈ મુશ્કેલ કામ નથી કે પોતાની સઘળી ઉમ્મતને શફાઅતના બેળા પર બેસાડીને આ સમુદ્રથી પાર લગાડી દો.

**રહ્મતુલ્ લિલ્ આલમીન તેરી દુહાઈ દબ ગયા**
**અબ તો મૌલા બેતરહ સરપે ગુનાહોં કા બાર હૈ**

*(દુહાઈ = ફરિયાદ, બેતરહ = અસહય રીતે)*

**અર્થાત :** હે મારા રહ્મતુલ્ લિલ્ આલમીન આકા ! ﷺ હું ગુનાહોના બોજ નીચે દબાય ગયો છું અને ખૂબજ બુરી રીતે ગુનાહોના જાળમાં ફસાઈ ગયો છું. બસ આપની જ દુહાઈ છે, આપના ભવાંના એક ઈશારાથી ગુનાહોનો બોજ ઉતરી શકે છે.

*લે ચલો અબ મદીને કો ચારાગરો–મુઝકો તયબહ કી ઠંડી હવા ચાહિયે*

**હયરતેં હૈં આઈના દારે વફૂર વસ્ફે ગુલ–ઉનકે બુલબુલ કી ખામોશી ભી લબે ઈઝહાર હૈ**

*(હયરતેં = આશ્ચર્યો, આઈનાદાર = આઈનો બતાવનારુ, વફૂર = પુષ્કળ, વસ્ફે ગુલ : ફૂલની ખૂબી)*

**અર્થાત :** મારા આકા علیہ الصلوٰۃ والسلام માં એટલા પ્રમાણમાં અસંખ્ય ખૂબીઓ તથા કમાલો છે કે જીભ વડે બોલીને તો એ ખૂબીઓને વર્ણવવી અશક્યતામાંથી છે. આશ્ચર્યોએ આઈનો સામે રાખીને વિચારવાનું શરૂ કર્યું તો ખામોશીની ઝબાનથી એ કમાલોને વર્ણન કરવામાં જ આસાની સમજી. કેમ કે જેવી રીતે એક ક્ષણના ખ્વાબમાં વરસોનાં કામો થઈ જાય છે, એ જ પ્રમાણે ખામોશીની જીભથી પણ તે સર્વ કાંઈ વર્ણન થઈ જાય છે કે જીભ વડે

જેને વર્ણવવું મુશ્કેલ હોય છે. મૌલાના હસન રઝા رحمۃ اللہ علیہએ આ જ મોક઼ા પર કહ્યું હશે :–

*દિલમેં હો યાદ તેરી ગોશએ તન્હાઈ હો–ફિર તો ખલ્વતમેં અજબ અંજુમન આરાઈ હો*

*બંદ જબ ખ્વાબે અજલસે હોં 'હસન' કી આંખેં–ઉસ્કી નઝરોંમેં તેરા જલ્વએ ઝેબાઈ હો*

જેવી રીતે લોકો પોતાના પ્યારાઓને નજરો ઉઠાવીને જુએ છે, અને અહલે મહ્બ્બત નજરો ઝુકાવી દે તો એમને દીદાર નસીબ થઈ જાય છે. એ જ પ્રમાણે લોકો પોતાના પ્રિય પાત્રોની પ્રશંસા જીભ વડે કરે છે, જ્યારે અહલે ઈશ્ક઼ ખામોશીમાં જ સર્વ કાંઈ કહી આપે છે.

*કહ લેગી સબ કુછ ઉન્કે ષનાખ્વાં કી ખામોશી–ચુપ હો રહા હૈ કહ કે મૈં ક્યા ક્યા કહું તુઝે*

**ગુંજ ગુંજ ઉઠે હૈં નગ્માતે 'રઝા' સે બોસ્તાં**
**ક્યૂં ન હો કિસ ફૂલ કી મિદહતમેં વા મિન્ક઼ાર ક્યા હૈ**

*(નગ્માત = સૂરીલા અવાજો, બોસ્તાં = બાગ, મિદહત = પ્રશંસા, વા = ઉઘાડી, મિન્ક઼ાર = પક્ષીની ચાંચ)*

**અર્થાત :** હે રઝા ! તેં એવો મહબૂબ પસંદ કર્યો છે કે જેના ઈશ્ક઼માં તેં ગીત છેડયું તો દિલોની બંધ કળીઓ ખીલી ઉઠી, બાગની દુનિયામાં વસંત ખીલી ઉઠી અને જમીન તથા આસ્માનમાં તારા નગ્માઓની ધૂમ મચેલી છે. કેમ ન હોય ! આ ફૂલ જ એવું છે જેની પ્રશંસામાં બુલબુલે ચમનિસ્તાને રિસાલતે પોતાની ચાંચ ખોલી છે અને રતબુલ્લિસાન (પ્રશંસામાં મસ્ત) થઈ છે. (સુબ્હાનલ્લાહ !)

*ક઼સ્રે બાતિલમેં જો ઝલઝલા ડાલ દે–ઐસે ફિર શેઅર અહમદ રઝા ચાહિયે*


# બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

હજ્જ પ્રોગ્રામ–૨૦૧૮



લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.

ઉમરાહ ૨૦૧૮–૧૯નું બુકીંગ ચાલુ છે.

મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.

રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.
એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.

સંપર્ક
પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)
અરબ સ્ટ્રીટ, મુ. પો. નબીપુર, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



લકઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.




❑ લેખક ❑
મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી
❑ અનુવાદકો ❑
હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી
(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા-મુબારકપુર)
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી
(તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

## ગઝવએ ખયબર

**(હિ.સ. ૭)**

ખયબર મદીનાથી લગભગ ૩૦૦ કિ.મિ. દૂર ઉત્તર બાજુ આબાદ છે. આ શહેર અરબમાં યહૂદીઓનું સૌથી મોટુ કેન્દ્ર હતું. અહીંયાં યહૂદીઓના ઘણા જ મજબૂત કિલ્લા હતા. એમાંથી આઠ ઘણા જ મશહૂર હતા એમનાં નામો આ પ્રમાણે છે :–

(૧) કુતૈબા (૨) નાઈમ (૩) શક (૪) કમૂસ (૫) નતાત (૬) સઉબ (૭) વતીખ (૮) સુલાલિમ.

હકીકતમાં આ આઠ કિલ્લાઓ આઠ મહેલોની જેમ હતા, એના સમૂહને ખયબર કહેવામાં આવતો હતો.

સુલહે હુદૈબિયા પછી મુસલમાન કુરૈશ તરફથી તો નચિંત થઈ ગયા પરંતુ યહૂદીઓથી દરેક સમયે ખતરો લાગેલો રહેતો હતો. ખંદકની નિષ્ફળતા અને મદીનાથી બનૂ નઝીરના તડીપાર થવાના કારણે તેમના દિલોમાં બદલો લેવાની આગ ભડકી રહી હતી. છેવટે યહૂદીઓએ મદીના તયબહ પર હુમ્લો કરવાની તૈયારી શરૂ કરી આપી, અને મુસલમાનોને નેસ્તોનાબૂદ કરવાનુ નક્કી કરી લીધું. રસૂલે કરીમ ﷺને જ્યારે આ ખબર મળી તો આપ એમનો હુમલો રોકવા માટે સોળસો સહાબીઓનું લશ્કર લઈને ખયબરની તરફ રવાના થઈ ગયા અને મદીના પર હઝરત સિબાઅ બિન અર્ફુતહને હાકિમ નિયુક્ત કરી દીધા.

આ ઈસ્લામી લશ્કર રાતના સમયે સરહદમાં દાખલ થઈ ગયું અને સવાર થતાં થતાં ખૈબર શહેરમાં પહોંચી ગયું. જોતાં જ શોર મચી ગયો કે કસમ ખુદાની ! મુહમ્મદ બિન અબ્દુલ્લાહ (ﷺ) લશ્કર લઈને આવી ગયા ! યહૂદી જંગના માટે તૈયાર થઈ ગયા. મુસલમાન પણ સિંહની જેમ મેદાનમાં કૂદી પડયા. સૌ પ્રથમ કિલ્લો નાઅમ ફતહ થયો. ત્યાર બાદ અન્ય કિલ્લાઓ પર આ મુસલમાનોએ કબજો કરી લીધો. કમૂસ કિલ્લો તેમનો ઘણો જ મજબૂત તથા મહેફૂઝ કિલ્લો હતો. અહીં એમનો સૌથી બહાદુર મરહબ રહેતો હતો એટલા માટે એની ફતહમાં ઘણી મુશ્કેલી પડી.

હુઝૂર ﷺએ પ્રથમ દિવસે અબૂબક્ર સિદીક رضی اللہ عنہની સરદારીમાં ઈસ્લામી ફોજને ચઢાઈ માટે મોકલી પણ યહૂદીઓએ એટલો સખત મુકાબલો કર્યો કે એ લોકો કિલ્લાના દરવાજા સુધી ન પહોંચી શકયા. અને રાત પડી ગઈ. બીજા દિવસે હઝરત ઉમર رضی اللہ عنہના હાથમાં કમાન આપવામાં આવી. આપે ઘણી જ દીલેરી તથા જવાંમર્દીની સાથે તેમનો સામનો કર્યો પણ કામયાબી હાંસલ ન થઈ શકી.

આકાએ નામદાર علیہ الصلوۃ والسلامએ ઈર્શાદ ફર્માવ્યો કે કાલે હું એક એવા શખ્સના હાથમાં ઝંડો આપીશ જેના હાથ પર અલ્લાહ ફતહ આપશે. સવાર થઈ તો સર્વ સહાબા ખિદમતમાં એ તમન્ના લઈને હાજર થયા કે એ ઈજ્જત તથા બુઝુર્ગી અમને હાંસલ થાય. પરંતુ રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, અલી ક્યાં છે ? લોકોએ અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ તેમની આંખમાં તકલીફ છે. આપે તેમને બોલાવ્યા અને તેમની આંખમાં પોતાનુ લુઆબે દહન (થૂક મુબારક) લગાડી આપ્યું અને દુઆ ફર્માવી તો તરત જ એવી રાહત મહેસૂસ થઈ કે જાણે આંખમાં કદી તકલીફ થઈ જ ન હતી. ત્યાર બાદ રસૂલે કરીમ علیہ الصلوۃ والسلامએ હઝરત અલી رضی اللہ عنہના હાથમાં પોતાનો તે ઝંડો આપ્યો જે હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہاની કાળી ચાદર વડે તૈયાર કરવામાં આવ્યો હતો. હઝરત અલી رضی اللہ عنہ ઈસ્લામનો પરચમ લઈને આગળ વધ્યા અને કમૂસ કિલ્લાની પાસે પહોંચીને યહૂદીઓને ઈસ્લામની દા'વત આપી, પણ તેઓએ જવાબ ઈંટ, પથ્થર તથા તલ્વારો વડે આપ્યો. તેમનો સૌથી મોટો બહાદુર મરહબ પોતાની બહાદુરીના ઘમંડમાં એવું કહેતાં આગળ વધ્યો : "ખયબર સારી રીતે જાણે છે કે હું મરહબ છું, શસ્ત્ર સજ્જ છું, જબરદસ્ત બહાદુર તથા અનુભવી છું." જવાબમાં શેરે ખુદા હઝરત અલી رضی اللہ عنہએ કહ્યું, "હું તે છું કે મારી માએ મારું નામ 'હૈદર' એટલે સિંહ રાખ્યું છે. હું કછારના સિંહની જેમ ભયાનક છું."

મરહબે ખૂબ જ ઠાઠ માઠ સાથે આગળ વધીને હઝરત અલી શેરે ખુદા رضی اللہ عنہ પર વાર કર્યો. પણ આપે એવો પેંતરો બદલ્યો કે મરહબનો વાર ખાલી ગયો. પછી હઝરત અલી رضی اللہ عنہએ પલટીને એવો જોરદાર વાર કર્યો કે ઝુલ્ફિકારે હૈદરી મરહબના લોખંડની ટોપી તથા માથાને કાપતી તેના દાંતો સુધી ઉતરી આવી, અને મરહબ ત્યાં જ જમીન પર ઢળી પડયો. તેની લાશને જમીન પર તડપતી જોઈને યહૂદી ફોજ હઝરત અલી رضی اللہ عنہ પર એક સાથે તૂટી પડી. પણ ઝુલ્ફિકારે હૈદરી વીજળીની જેમ એમના પર પડતી રહી જેના કારણે તેમના ઘણા બહાદુર મૌતને ઘાટ ઉતરી ગયા. જંગ દરમ્યાન હઝરત અલી رضی اللہ عنہની ઢાલ તૂટી ગઈ. આપે આગળ વધીને કમૂસ કિલ્લાની ફાટક ઉખેડી નાખી અને દરવાજાને ઢાલ બનાવીને તેના પર દુશ્મનોનો વાર રોકતા રહ્યા, અને સુજાઅત તથા બહાદુરીની સાથે લડતાં લડતાં કમૂસ કિલ્લા પર કબજો કરી લીધો. આ પ્રમાણે પૂરા ખયબર પર મુસલમાનોએ ફતહ મેળવી લીધી. એ દરવાજો એટલો મોટો તથા વજની હતો કે બાદમાં ચાલીસ નવયુવાન પણ તેને ઉઠાવી શક્યા નહીં ! ફતહ બાદ રસૂલે કરીમ ﷺએ ચાહ્યું કે બનૂ નઝીરની જેમ ખયબરવાળાઓને પણ તડીપાર કરી દેવામાં આવે, પરંતુ યહૂદીઓએ દરખાસ્ત કરી કે અમને ખયબરમાંથી કાઢવામાં ન આવે અને જમીન અમારા જ કબજામાં રહેવા દેવામાં આવે. અમો અહીંની ઉપજનો અડધો હિસ્સો આપને આપતા રહીશું. હુઝૂરે અકદસ علیہ الصلوۃ والسلامએ એ દરખાસ્ત મંજૂર કરી લીધી. જેથી જ્યારે ખજૂરો પાકી જતી અને અનાજ તૈયાર થઈ જતું તો આપ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા رضی اللہ عنہને ખૈબર મોકલતા, તે જતા અને ઉપજના બે સરખા હિસ્સા કરી આપતા. પછી યહૂદીઓને કહેતા, આમાંથી જે પસંદ હોય તે લઈ લો. યહૂદી આ ઈન્સાફ પર ખૂબ જ આશ્ચર્ય પામતા.

આ જંગમાં ૯૩ યહૂદી કત્લ થયા અને પંદર મુસલમાન શહીદ થયા. એ પ્રસંગથી હઝરત સફિય્યહ رضی اللہ عنہا રસૂલે કરીમ ﷺના નિકાહમાં આવ્યાં. ......(ક્રમશઃ)

# તઝકેરતુલ અવલિયા (હપ્તો ૧૪)

# હઝરત રાબિઆ બસરી رحمۃ اللہ علیہا ના હાલાત તથા ખૂબીઓ

**અઝ** : હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ // **અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી-દયાદરવી

**ઓળખ** : આપ પર્દાનશીનોની મખ્દૂમા, ખાસાને ખુદાવંદી, સોખ્તાએ ઈશ્ક, કુર્બે ઈલાહીની શયફતા અને પાકીઝગીમાં મરયમે ષાની હતાં. જો વાંધો ઉઠાવનાર એવું કહે કે પુરૂષોના વર્ણનમાં સ્ત્રીનું વર્ણન શા માટે કરવામાં આવ્યું ? તો એનો જવાબ એ છે કે હુઝૂરે અકરમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો છે, અલ્લાહ તઆલા સૂરતને બદલે દિલને જુએ છે. એટલા માટે મેહશરના દિવસે તમામ પકડ સૂરતને બદલે નિય્યત પર થશે. જેથી જે સ્ત્રી રિયાઝત તથા ઈબાદતમાં પુરૂષના સમાન હોય એને પણ પુરૂષોની ખૂબીઓમાં ગણવી જોઈએ. એટલા માટે કે જ્યારે હિસાબના દિવસે પુરૂષોને પુકારવામાં આવશે તો સૌ પ્રથમ હઝરત મરયમ આગળ વધશે. બીજો જવાબ એ છે કે જો રાબિઆ બસરી رحمۃ اللہ علیہا હઝરત હસન બસરી رحمۃ اللہ علیہا ની મજલિસોમાં શરીક ન થાત તો કદાચ આપના ઉલ્લેખની જરૂરત ન ઉભી થાત. પરંતુ આ કિતાબમાં જે બુઝુર્ગોના હાલાત વર્ણન કરવામાં આવ્યા છે તે તૌહીદના રૂપે વર્ણવવામાં આવ્યા છે જેમાં હું કે તું નો કોઈ ભેદ બાકી નથી રહેતો. અને બૂ અલી ફારૂ મુદીના આ કૌલના મુતાબિક પુરૂષ તથા સ્ત્રીમાં ફરક કરવો નિરર્થક છે, કેમ કે નબુવ્વત અયન ઈજ્જત તથા રિફઅત છે. એમાં નાના મોટાનો કોઈ ભેદ નથી. એ જ પ્રમાણે વિલાયતના મર્તબા પણ છે જેમાં સ્ત્રી પુરૂષનો ફરક નથી થતો. અને કેમ કે રાબિઆ બસરી ઈબાદત તથા રિયાઝતના એતબારથી સમયમાં અનોખાં હતાં. એટલા માટે તમામ અલ્લાહવાળાઓની નજરમાં મોઅતબર તથા ઈજ્જતવાન ગણવામાં આવતાં હતાં. અને આપના અહવાલ અહલે દિલ હઝરાતના માટે બુરહાને કાતેઅ (કતઈ દલીલ)નો દરજ્જો ધરાવતા હતા.

**પેદાઈશ તથા નામનું કારણ** : જન્મની રાતે આપના પિતાને ત્યાં ન એટલું તેલ હતું કે જેનાથી નાફ (ડૂંટી)ને માલિશ થઈ શકે, અને ન એટલુ કપડુ હતું જેમાં આપને લપેટવામાં આવી શકાતું, ત્યાં સુધી કે તંગદસ્તીની એ સ્થિતિ હતી કે ઘરમાં દીવો પણ ન હતો. આપ આપની ત્રણ બહેનો બાદ પેદા થયાં જેથી આપનુ નામ રાબિઆ રાખવામાં આવ્યું. અને જ્યારે આપનાં માતાએ પિતાને કહ્યું કે પડોશમાંથી થોડુક તેલ માગી લાવો જેથી ઘરમાં કાંઈક રોશની થઈ શકે. તો અતિ આગ્રહ થતાં આપે પડોસીના દરવાજા પર કેવળ હાથ રાખીને ઘરમાં આવીને કહી દીધું કે તે દરવાજો નથી ખોલતો. કેમ કે આપ એ નિશ્ચય કરી ચૂક્યા હતા કે ખુદા સિવાય કોઈનાથી કાંઈ માગીશ નહીં.

**હુઝૂર ﷺની બશારત** : આ જ પરેશાનીમાં ઊંઘ આવી ગઈ તો ખ્વાબમાં હુઝૂરે અકરમ ﷺની ઝિયારત થઈ અને આપે તસલ્લી તથા સાંત્વન આપતાં ફર્માવ્યું કે તારી આ બાળકી ખૂબ જ મકબૂલિયત હાંસલ કરશે અને એની શફાઅતથી મારી ઉમ્મતના એક હજાર લોકોને બખ્શી દેવામાં આવશે. ત્યારબાદ હુઝૂર ﷺએ ફર્માવ્યું કે બસરાના વાલીની પાસે એક કાગળ પર એ લખાણ લખીને લઈ જાય કે તું દરરોજ સો વાર મારા પર દુરૂદ મોકલે છે અને જુમ્આની રાત્રે ૪૦૦ વાર મોકલે

છે, પરંતું આજે જુમ્આની જે રાત પસાર થઈ છે એમાં તું દુરૂદ મોકલવાનુ ભૂલી ગયેલ છે. જેથી કફ્ફારા રૂપે પત્ર લાવનારને ૪૦૦ દીનાર આપી દે. સવારે જાગીને આપ ખૂબ જ રડયા અને પત્ર લખીને દરવાનના થકી બસરાના વાલીની પાસે મોકલ્યો. તેણે પત્ર વાંચતાં જ હુકમ આપ્યો કે હુઝૂરે અકરમ ﷺના યાદ આપવાના શુક્રિયામાં દસ હજાર દિરહમ તમે ફકીરોમાં વહેંચી નાખો અને ૪૦૦ દીનાર તે શખ્સને આપી દો. ત્યારબાદ બસરાનો વાલી તાઝીમના રૂપે ખુદ આપની મુલાકાત માટે પહોંચ્યો અને અર્ઝ કરી કે જ્યારે પણ આપને કોઈ ચીજની જરૂરત હોય તો મને ખબર કરી દેજો. જેથી આપે ૪૦૦ દીનાર લઈને સર્વ જરૂરતનો સામાન ખરીદી લીધો.

**આપના હાલાત :** રાબિઆ બસરી رحمۃ اللہ علیہاમાં જ્યારે સમજ આવી ત્યારે પિતાનો સાચો માથા પરથી ઉઠી ગયો અને દુકાળના કારણે આપની ત્રણેવ બહેનો પણ આપનાથી અલગ થઈને ન જાણે ક્યાંક સ્થાયી થઈ ગઈ. આપ પણ એક બાજુ ચાલી નીકળ્યાં અને એક જાલિમે પકડીને જબરદસ્તી આપને પોતાની કનીઝ બનાવી લીધાં, અને થોડાક દિવસો બાદ ખૂબ જ થોડીક રકમમાં વેચી નાખ્યાં. અને તે શખ્સે આપને ઘરે લાવીને આપનાથી ખૂબ જ તકલીફદાયક કામો લેવાનું શરૂ કરી દીધું.

**આપનો મર્તબો જોઈને માલિકે આઝાદ કરી દીધાં :** એકવાર આપ ક્યાંક જઈ રહ્યાં હતાં એવામાં કોઈ નામેહરમને પોતાની સામે જોઈને એટલા જોરથી પડયાં કે આપનો હાથ ભાગી ગયો. એ વખતે આપે સજદામાં સર રાખીને અરજ કરી કે, યા અલ્લાહ ! હું બે યારો મદદગાર પહેલેથી જ હતી અને હવે હાથ પણ ભાગી ગયો છે, તેમ છતાં હું તારી રઝા ચાહુ છું. જેથી ગયબી અવાજ આવ્યો કે હે રાબિઆ ! ગમગીન ન થા ! કાલે તને એ મર્તબો હાંસલ થશે કે મુકર્રબ ફરિશ્તા પણ તારા પર રશ્ક કરશે. આ સાંભળીને આપ ખુશી ખુશી પોતાના માલિકને ત્યાં પહોંચી ગયાં.

અને આપનો એ નિત્યક્રમ રહ્યો કે દિવસમાં રોઝા રાખતાં અને રાત પૂરી ઈબાદતમાં ગુજારી દેતાં. અને એક રાતે જ્યારે આપના માલિકની આંખ ખુલી તો તેણે આશ્ચર્યભેર ચારેવ તરફ જોયું એ વખતે એક ખૂણામાં આપને સજદામાં માથુ રાખેલ જોયાં અને એક લટકી રહેલ નૂર આપના માથા પર ચમકતું જોયું. જ્યારે કે આપ અલ્લાહ તઆલાથી એ અર્ઝ કરી રહ્યાં હતાં કે જો મારા વશમાં હોત તો પૂરો સમય તારી ઈબાદતમાં પસાર કરી આપત, પરંતું કેમ કે તેં મને ગૈરના તાબા હેઠળ કરી આપેલ છે એટલા માટે તારી બારગાહમાં મોડેથી હાજરી થાય છે. આ સાંભળીને આપનો માલિક ઘણો જ પરેશાન થઈ ગયો અને એ નિશ્ચય કરી લીધો કે મારે તો મારી ખિદમત લેવાને બદલે ઉલ્ટી તેણીની ખિદમત કરવી જોઈએ. જેથી સવાર થતાં જ આપને આઝાદ કરીને વિનંતિ કરી કે જો આપ અહીં જ રહેવાનું કબૂલ કરો તો મારા માટે સદનસીબી છે, આમ તો આપ ક્યાંક બીજે પણ જવા ચાહો તો ઈખ્તિયાર છે. આ સાંભળીને કમરામાંથી બહાર ચાલ્યાં આવ્યાં અને ઝિક્ર તથા શુક્રમાં લાગી ગયાં.

**મૃત્યુ પામેલ ગધેડાં જીવંત થયો ! :** આપ રાત દિવસમાં એક હજાર રકાત નમાઝ પઢયા કરતાં હતાં અને અમુક અમુક આંતરે હસન બસરી رحمۃ اللہ علیہના વઅઝમાં પણ શરીક થતાં. એક રિવાયત એ છે કે શરૂમાં આપ ગાતાં વગાડતાં હતાં, બાદમાં તૌબા કરીને જંગલમાં ગોશાનશીન થઈ ગયાં. પછી જે વખતે હજના સફર માટે રવાના થયાં તો આપનો પોતાનો ગધેડો ખૂબ જ કમજોર હતો અને જ્યારે આપ સામાન લાદીને રવાના થઈ ચૂક્યાં તો તે રસ્તામાં જ મૃત્યુ પામ્યો. એ જોઈને કાફલાવાળાઓએ અર્ઝ કરી કે આપનો સામાન અમે લોકો ઉઠાવી લઈશું. પરંતું આપે કહ્યું કે મેં તમારા ભરોસા પર સફર નથી કર્યો. આ વધુ પેજ 29 પર..

## રાહતુલ કુલૂબ



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર رحمۃ اللہ علیہ

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### દિલ ઈમાનથી મુત્મઈન કરવાનો ઈલાજ

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર પયગંબરે ખુદા ﷺ બેસેલા હતા અને આસપાસ સહાબાએ કિરામ બેઠેલા હતા, અને આગલા પયગંબરોની બાબત ચર્ચા થઈ રહી હતી. એ દરમ્યાન એક સાથીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારું દિલ ઈમાનથી કઈ રીતે અયમન (મુત્મઈન) થાય ? હુઝૂર علیہ الصلوٰۃ والسلام ખામોશ રહ્યા. જિબ્રઈલ علیہ السلام એ આવીને અર્ઝ કરી કે હું આ આયત લાવ્યો છું જે એને હમેશાં પઢતો રહેશે તેનું દિલ ઈમાનથી મુત્મઈન રહેશે, અને ઉમ્મીદ છે કે દુનિયાથી બાઈમાન જશે.

શૈખુલ ઈસ્લામે ફર્માવ્યું કે આ આયત (ઉપર મુજબની) તે સમયે નાઝિલ થઈ જ્યારે સહાબાએ કિરામે આ અરજ કરી હતી.

### અલ્લાહના દોસ્તોથી મળવાનો અમલ

એ જ મોકા પર ફર્માવ્યું કે જે અલ્લાહ તઆલાના દોસ્તોથી મળવા ચાહે તો આ આયત ખૂબ જ પ્રમાણમાં પઢે :–

رَبَّنَآ اِنَّكَ جَامِعُ النَّاسِ لِيَوْمٍ لَّا رَيْبَ فِيْهِ ۭ اِنَّ اللّٰهَ لَا يُخْلِفُ الْمِيْعَادَ ۝۹

"હે અમારા રબ ! બેશક ! તું સર્વ લોકોને એકત્ર કરનાર છે એ દિવસના માટે જેમાં કોઈ શક નથી. બેશક ! અલ્લાહનો વાયદો નથી બદલાતો."

*–(સૂરએ આલે ઈમરાન, ૩/૯)*

ત્યારબાદ ફર્માવ્યું કે જયારે કોઈ શખ્સ આ આયત કાયમી રીતે પઢયા કરે તે જરૂર અલ્લાહ તઆલાના દોસ્તોથી મળે છે. આવી નેકબખ્તીથી આપણે પોતાને મેહરૂમ ન રાખવું જોઈએ.

### નેક પુત્ર મેળવવાનો અમલ

પછી ફર્માવ્યું કે જો કોઈ નેક પુત્ર મેળવવા ચાહે અથવા તેનો ગુલામ નાસી છુટયો હોય અથવા તેને કોઈ કામ ઉપસ્થિત થયું હોય તો આ આયત પઢે :

رَبِّ هَبْ لِيْ مِنْ لَّدُنْكَ ذُرِّيَّةً طَيِّبَةً ۚ اِنَّكَ سَمِيْعُ الدُّعَاۗءِ ۝۳۸

"હે મારા રબ ! મને તારી પાસેથી આપ સુથરી ઔલાદ, બેશક ! તું જ છે દુઆ સાંભળનાર."

*–(સૂરએ આલે ઈમરાન, ૩/૩૮)*

ત્યારબાદ ફર્માવ્યું કે હઝરત ઝકરિયા علیہ السلام મુનાજાતમાં આ જ આયત પઢયા કરતા હતા. તો અલ્લાહ તઆલાએ દુઆ કબૂલ ફર્માવીને યહયા (علیہ السلام) જેવા ફરઝંદ અતા કર્યા. જે જવાની તથા બચપનમાં ખૌફે ખુદાથી એટલા પ્રમાણમાં રડયા કે આપના ચહેરા પરનો સઘળો ગોશ્ત તથા ચામડી પીગળી ગઈ. આપનાં વાલિદૈન પણ રડયાં કે બેટા !

તું હજી બાળક છે, તું શા માટે રડે છે ? અર્ઝ કરી કે વાલિદા સાહેબા ! જ્યારે તમે ચૂલામાં આગ સળગાવવા ચાહો છો તો પ્રથમ નાની લાકડીઓ નીચે રાખીને ઉપર મોટી લાકડીઓ રાખો છો, એટલા માટે હું ડરું છું કે કદાચ દોઝખમાં પ્રથમ નાનાઓને નાખવામાં આવે અને બાદમાં મોટાઓને.

ત્યારબાદ ફર્માવ્યું કે એકવાર હું સીવિસ્તાનની તરફ મુસાફર હતો. ત્યાંના ઔલિયા તથા બુઝુર્ગો સાથે મુલાકાત કરી. એક દિવસ શયખ મુહમ્મદ સીવિસ્તાનીની ખિદમતમાં હાજર હતો જે સાહિબે વિલાયત બુઝુર્ગ હતા. સુલૂકના બારામાં ચર્ચા શરૂ થઈ. દુરવેશ આપસમાં ચર્ચા કરી રહ્યા હતા એટલામાં એક શખ્સ આવીને આદાબ બજાવી લાવ્યો અને બેસી ગયો. ખ્વાજા મુહમ્મદ સીવિસ્તાનીએ એના તરફ જોતાં જ દુરવેશોને ફર્માવ્યું કે હાજતમંદ આવ્યો છે. તે શખ્સે હા પાડી તો ફર્માવ્યું કે જાવ ! આ આયત (ઉપર મુજબની) પઢયા કરો. કેટલાક સમય બાદ તેના ત્યાં પુત્ર પેદા થયો જેણે ઉઘાડા પગે ૭૦ હજો કરી અને સાહિબે સજ્જાદા બન્યો.

## કયામતમાં નેકોની સફમાં જગા મેળવો

ત્યારબાદ ફર્માવ્યું કે કશ્શાફમાં મેં લખેલું જોયું છે કે જ્યારે કોઈ શખ્સ નેક મર્દોના વર્તુળમાં કયામતના રોજ પહોંચવા ચાહે તો આ આયત ખૂબ જ અધિક પ્રમાણમાં પઢે :–

رَبَّنَا وَ اٰتِنَا مَا وَعَدْتَّنَا عَلٰى رُسُلِكَ وَ لَا تُخْزِنَا يَوْمَ الْقِيٰمَةِ اِنَّكَ لَا تُخْلِفُ الْمِيْعَادَ ۝

"હે અમારા રબ ! અને અમને આપ તે જેનો તેં અમને વાયદો કર્યો છે તારા રસૂલોના થકી, અને અમને કયામતના દિવસે બેઈજ્જત ન કર. બેશક ! તું વાદાખિલાફી નથી કરતો."

–(સૂરએ આલે ઈમરાન, ૩/૧૯૪)

પછી એક હિકાયત વર્ણવી કે એક શખ્સ બુખારામાં ખૂબ જ બદ્કાર હતો. જ્યારે મરી ગયો તો ખ્વાબમાં તેને લોકોએ જોયો કે અલ્લાહ તઆલાના દોસ્તો તથા અવલિયામાં ઉભેલો છે. આશ્ચર્ય પામીને કારણ પૂછયું તો કહ્યું કે તફસીરે કશ્શાફમાં લખેલું જોયું હતું કે જે શખ્સ આ આયત પઢે (ઉપરવાળી) તો અલ્લાહ તઆલા નેક મર્દોથી મેળવી દે છે. મેં સાચી નિય્યતથી આ આયત પઢી હતી, તો અલ્લાહ તઆલાએ જે ખૂબ જ માફ કરનારો છે તેણે મારી આ ફર્માંબરદારી કબૂલ કરી લીધી અને મને બખ્શી આપ્યો અને હુકમ થયો કે એમનામાં જઈને ભળી જાવ.

## જાલિમોની ચુંગાલથી બચવા માટે

પછી ફર્માવ્યું કે જયારે કોઈ જાલિમોની સોહબતથી નજાત પામવા ચાહે તો તેણે આ આયત ખૂબ જ અધિક પ્રમાણમાં પઢવી જોઈએ :–

رَبَّنَآ اَخْرِجْنَا مِنْ هٰذِهِ الْقَرْيَةِ الظَّالِمِ اَهْلُهَا ۚ وَاجْعَلْ لَّنَا مِنْ لَّدُنْكَ وَلِيًّا ۚ وَّاجْعَلْ لَّنَا مِنْ لَّدُنْكَ نَصِيْرًا ۝

"હે અમારા રબ ! અમને આ વસ્તીથી કાઢ જેના લોકો જાલિમ છે અને અમને તારી પાસેથી કોઈ હિમાયતી આપી દે, અને અમને તારી પાસેથી કોઈ મદદગાર આપી દે." *( સૂરએ નિસાઅ, ૪/૭૫)* આ આયત પઢનારાઓને પોતાના દોસ્તોની સોહબતની નેઅમત અર્પણ કરે છે અને હમેશાં ફતહ તથા નુસ્રત નસીબ કરે છે.

ત્યારબાદ ફર્માવ્યું કે અમીરુલ મો'મિનીન હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ગુલ બયાબાનીની જંગમાં આજિઝ આવી ગયા તો પયગંબરે ખુદા صلی اللہ علیہ وسلم ની તરફ લખ્યું કે જે જંગની શરતો હતી તે સર્વ પર મેં અમલ કર્યો છે. જ્યારે આ પત્ર પહોંચ્યો તો આં હઝરત صلی اللہ علیہ وسلم રંઝીદા થયા. તરત જ જિબ્રઈલ علیہ السلام આ આયત (ઉપર મુજબની) લઈને આવ્યા. આં હઝરત صلی اللہ علیہ وسلم એ એ આયત હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ને લખી મોકલી કે

ستت એને પઢયા કરો. અલ્લાહ તઆલાએ એ આયતની બરકતથી ફતહ તથા નુસ્રત અતા કરી જેથી ગુલ બયાબાનીને બીજા દિવસે જીવતો મદીનામાં પકડી લાવ્યા.

## રોજીમાં બરકત તથા રહમત પામો

પછી ફર્માવ્યું કે મૌલાના બુરહાનુદ્દીનની તફસીરમાં સાહિબે હિદાયા લખે છે કે જ્યારે કોઈ શખ્સ ચાહે કે તેના પર બરકત તથા રહમત નાઝિલ થાય, રોજીમાં વૃદ્ધિ થાય, અને કોઈનો મોહતાજ ન થાય તો આ આયત પઢે :–

اللّٰھُمَّ رَبَّنَآ اَنْزِلْ عَلَیْنَا مَآىِٕدَةً مِّنَ السَّمَآءِ تَكُوْنُ لَنَا عِیْدًا لِّاَوَّلِنَا وَ اٰخِرِنَا وَ اٰیَةً مِّنْكَ وَ ارْزُقْنَا وَ اَنْتَ خَیْرُ الرّٰزِقِیْنَ

"હે અમારા રબ ! અમારા પર આસ્માનથી એક ખ્વાન ઉતાર કે તે અમારા માટે ઈદ બને અમારા આગલા પાછલાઓની, અને તારી તરફથી નિશાની. અને અમને રોજી આપ અને તું સૌથી બેહતર રોજી આપનારો છે." *(સૂરએ માઈદા, ૫/૧૧૪)*

ત્યારબાદ ફર્માવ્યું કે આ આયત મૂસા علیہ السلامની કૌમના હક્કમાં હતી. સૌ ગુમરાહીના કારણે નાશુક્ર ગુઝાર થયા તો અલ્લાહ તઆલાએ તેમને સુવ્વર તથા રીંછની શકલમાં ફેરવી દીધા.

## જાલિમોથી બચવાનો અમલ

ત્યારબાદ ફર્માવ્યું કે જ્યારે કોઈ શખ્સ દુનિયા તથા આખેરતમાં જુલ્મવાળાઓથી મળવા ન ચાહે તો આ આયત : رَبَّنَا لَا تَجْعَلْنَا فِتْنَةً لِّلْقَوْمِ الظّٰلِمِیْنَ

"ઈલાહી! અમને જાલિમ લોકોના માટે આઝમાઈશ ન બનાવ." *(સૂરએ યૂનુસ, ૧૦/૮૫)*

પછી ફર્માવ્યું, જે શખ્સ ચાહે કે તેની જિંદગી ખૈર તથા સલામતી તથા ઈમાનની સાથે પસાર થાય તો આ આયત પઢે :–

رَبَّنَآ اَفْرِغْ عَلَیْنَا صَبْرًا وَّ ثَبِّتْ اَقْدَامَنَا وَ انْصُرْنَا عَلَى الْقَوْمِ الْكٰفِرِیْنَ

"હે અમારા રબ ! અમારા પર સબ્ર નાખ અને અમારા પગો જામેલા રાખ, કાફિર લોકો પર અમારી મદદ કર." *(સૂરએ બક્રહ, ૨/૨૫૦)*

ત્યારબાદ ફર્માવ્યું કે એક મર્દ કોઈ જાલિમના હાથે ગિરફતાર થયો અને તેણે આ આયત પઢી :–

رَبَّنَا لَا تَجْعَلْنَا فِتْنَةً لِّلْقَوْمِ الظّٰلِمِیْنَ وَ نَجِّنَا بِرَحْمَتِكَ مِنَ الْقَوْمِ الْكٰفِرِیْنَ

"ઈલાહી ! અમને જાલિમ લોકોના માટે આઝમાઈશ ન બનાવ. અને પોતાની રહમત ફર્માવીને અમને કાફિરોથી નજાત આપ."*(સૂરએ યૂનુસ, ૧૦/૮૫, ૮૬)* તો નજાત મળી. જ્યારે ચાહે કે મુસલમાન થઈને મરે અને પોતે નેક મર્દોમાં મળે તો આ આયત :

فَاطِرَ السَّمٰوٰتِ وَ الْاَرْضِ اَنْتَ وَلِیّٖ فِی الدُّنْیَا وَ الْاٰخِرَةِ تَوَفَّنِیْ مُسْلِمًا وَّ اَلْحِقْنِیْ بِالصّٰلِحِیْنَ

"હે આસ્માનો તથા જમીનને બનાવનારા ! તું મારું કામ બનાવનારો છે દુનિયા, તથા આખેરતમાં, મને મુસલમાન ઉઠાડ, અને એમની સાથે મિલાવ જે ખાસ કરી નઝદીકીના લાયક છે."

*–(સૂરએ યૂસુફ, ૧૨/૧૦૧)*

ત્યારબાદ ફર્માવ્યું કે જ્યારે યૂસુફ علیہ السلام તથા યાકૂબ علیہ السلام ભેગા થયા તો થોડીવાર પછી યૂસુફ علیہ السلامએ સજદામાં પડીને આ પ્રમાણે પઢયું : (આયત ઉપર મુજબની) અને ચોધાર આંસૂંએ રડવા લાગ્યા અને અર્ઝ કરી કે મને બાદશાહી તો અર્પણ કરી છે, પરંતુ એ મારી ખ્વાહિશ ન હતી એ તારી મરજી હતી. હે પરવરદિગાર ! કયામતના દિવસે મને બાદશાહોમાં ન ઉઠાવતો, મુઝ બિચારામાં એ શક્તિ નથી કે તું મારો હશ્ર બાદશાહોમાં કરે.

# વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી

## હપ્તો 7 પયગમ્બરે ઈસ્લામ ﷺ

રજૂકર્તા : **હાફેઝ મૂસા વેમી ઝંઘારવી** *(હાલ : પ્રેસ્ટન, યુ.કે.)*

### બાળકો પર મહેરબાની અને રહ્‌મત

રસૂલુલ્લાહ ﷺ બાળકો પર ખૂબ મહેરબાની અને પ્યાર, મહોબ્બત કરતા હતા. આપની બારગાહમાં બાળકોને દુઆ માટે સહાબાએ કિરામ લાવતા હતા. એક દિવસે ઉમ્મે કૈસ બિન્તે મુહસન પોતાના દૂધ પીતા બાળકને લઈને હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની સેવામાં હાજર થયાં. આપ ﷺ એ એ બાળકને પોતાના ખોળામાં લઈ બેસાડી લીધું. એણે આપના કપડાં મુબારક પર પેશાબ કરી દીધો. આપ ﷺ એ કપડાં પર પાણી વહાવી દીધું. પરંતુ જરા પણ નારાઝગી વ્યક્ત કરી નહીં. *(સહીહ બુખારી, કિતાબુલ વુઝૂ, બાળકના પેશાબના બયાનમાં)*

આપ બાળકોને ચૂમતા અને પ્યાર કરતા. એક દિવસ આપ આપના નવાસા હસન બિન અલી رضی اللہ عنہما ને ચૂમી રહ્યા હતા. અકરઅ બિન હાબિસ તમીમી رضی اللہ عنہ આપની પાસે બેઠેલા હતા. તેઓ આ જોઈને કહેવા લાગ્યા, મારા તો દસ પુત્રો છે પરંતુ મેં તો તેમને કોઈને કદી પણ ચૂમ્યાં નથી ! આપ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું, **જે રહમત નથી કરતો તેના ઉપર રહમ કરવામાં નથી આવતી.**

એક ગામડાવાસી આપ ﷺ ની પાસે હાજર થઈ કહેવા લાગ્યા, "તમે બાળકોને ચૂમો છો અમે તો કદી ચૂમતા નથી ! આપ ﷺ એ ફર્માવ્યું, અલ્લાહ તમારા દિલમાં રહ્‌મત (મહોબ્બત) કાઢી નાખે તો હું શું કરી શકું છું.

હઝરત જાબિર બિન સુમરા رضی اللہ عنہ બયાન કરે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ની પાછળ ઝોહરની નમાઝ પઢી, નમાઝથી પરવારી આપ આપના મકાન મુબારક તરફ તશરીફ લઈ જવા લાગ્યા, હું પણ સાથે થઈ ગયો. રસ્તામાં રમતાં બાળકો મળ્યાં. આપ ﷺ એ દરેકના ગાલો પર હાથ ફેરવ્યો, મારા ગાલો પર પણ ફેરવ્યો. મેં આપના હાથ મુબારકની ખુશ્બૂ અને ઠંડક એવી મહેસૂસ કરી કે જાણે આપનો હાથ મુબારક કોઈ અત્તર વેચનારની અત્તરની પેટીમાંથી બહાર કાઢયો હોય. *(સહીહ મુસ્લિમ)*

જ્યારે આપ બાળકો પાસેથી પસાર થતા તો તેમને સલામ કર્યા કરતા. *(સહીહ બુખારી)*

હઝરત અબ્દુલ્લાહ બિન જઅફર બિન અબી તાલિબ رضی اللہ عنہ નું બયાન છે કે, જ્યારે રસૂલુલ્લાહ ﷺ કોઈક સફરથી તશરીફ લઈ આવતા તો આપના અહલે બયતના બાળકોને આપની ખિદમતમાં લાવવામાં આવતાં. એક વેળા આપ કોઈ સફરથી તશરીફ લાવ્યા તો પ્રથમ મને આપની પાસે લઈ જવામાં આવ્યો. આપ علیہ الصلوٰۃ والسلام એ મને આપની આગળ (ઊંટ પર) સવારી પર બેસાડી લીધો. પછી હઝરત ખાતૂને જન્નત સૈયદા, તૈયબા, તાહેરા, ફાતિમાતુઝ્ ઝોહરા رضی اللہ عنہا ના બંને પુત્રો સૈયદના હસન અને હુસૈન رضی اللہ عنہما ને લાવવામાં આવ્યા. આપ ﷺ એ એમને આપની પાછળ બેસાડી લીધા, એ રીતે ત્રણેય મદીના શરીફમાં દાખલ થયા.

જ્યારે મક્કા મોઅઝ્ઝમા મુસલમાનોએ જીતી લીધું તે દિવસે હુઝૂર علیہ الصلوٰۃ والسلام મક્કા તશરીફ લાવ્યા, તો હઝરત અબ્બાસ رضی اللہ عنہના પુત્રો કુષમ અને ફઝ્લને પોતાની સવારીની આગળ, પાછળ બેસાડી લીધા. *(સહીહ બુખારી શરીફ)*

હઝરત અબૂ રાફેઅ બિન અમ્ર ગફ્ફારી رضی اللہ عنہના કાકા બયાન કરે છે કે, બાળપણમાં હું અન્સાર (મદીનાવાસીઓ)ના ખજૂરોના બાગોમાં જતો અને ઝાડો પર પથ્થરો ફેંકતો. મને પકડી રસૂલે કરીમ ﷺ પાસે લઈ જવામાં આવ્યો. આપ علیہ الصلوٰۃ والسلامએ મને પૂછયું, હે પુત્ર ! તું ઝાડો પર પથ્થર કેમ ફેંકે છે ?! મેં અર્ઝ કરી, ખજૂર પડે તે ખાવા માટે. આપ ﷺએ ફર્માવ્યું, પથ્થર ન ફેંક્યા કરવા, પરંતુ જે ખજૂરો નીચે પડી હોય તે તું ઉઠાવી ખાય લે જે. પછી આપ علیہ الصلوٰۃ والسلامએ મારા માથા પર પ્યારથી હાથ ફેરવ્યો અને દુઆ ફર્માવી, યા અલ્લાહ ! આનુ પેટ ભરી દે."

–*(અબૂ દાઊદ, કિતાબુલ જિહાદ)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہનું બયાન છે કે, સીઝનનું જે ફળ પહેલુ પાકતુ તે રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં લોકો લાવ્યા કરતા હતા. આપ તેના પર આ પ્રમાણે દુઆ કરતા : "યા અલ્લાહ ! અમોને અમારા મદીનામાં અને અમારા ફળોમાં, અમારા મુદમાં (માપિયામાં) અને અમારા સાઅમાં બરકત દે." આ દુઆ પછી આપની મજલિસમાં જે બાળકો હોય તેમાંથી સૌથી નાના બાળકને તે ફળ આપતા. *(સહીહ મુસ્લિમ, બાબે ફઝલુલ મદીના)*

ઉમ્મુલ મો'મિનીન હઝરત સૈયદા મા આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે, એક સ્ત્રી મારી પાસે આવી એની સાથે બે પુત્રીઓ હતી. એણે મારી પાસે કાંઈક માગણી કરી. એ સમયે મારી પાસે ફક્ત એક ખજૂરની પેશી હતી. મેં એને આપી દીધી. તેણીએ એ લઈને બંને પુત્રીઓને અડધી અડધી વહેંચી આપી, પછી તેણી જતી રહી. રસૂલુલ્લાહ ﷺ ઘરે તશરીફ લાવ્યા તો મેં આ બનાવ આપનાથી અર્ઝ કર્યો. એ સાંભળી આપ ﷺએ ફર્માવ્યું, "જે વ્યક્તિના ઘરે પુત્રીઓ હોય અને તે તેમનું સારી રીતે ભરણપોષણ કરે તો તે જહન્નમની આગ અને તેના વચ્ચે આડ બની જશે." *(સહીહ બુખારી, કિતાબુલ અદબ)*

ઉમ્મે ખાલિદ બિન્તે ખાલિદ બિન સઈદ બિન આસ કરશિયા, ઉમવિયાના મા, બાપ હબશા હિજરત કરી ગયાં હતાં. તેણી ત્યાં જન્મી હતી. નાનપણમાં ત્યાંથી મદીના મુનવ્વરા આવી ગઈ. હઝરત ઝુબૈર બિન અવ્વામ સાથે શાદી કરવામાં આવી જેનાથી એક ખાલિદ નામનો પુત્રો જન્મ્યો, આ કારણે એની કુન્નિયત ઉમ્મે ખાલિદ થઈ ગઈ. એનું કહેવું છે કે નાનપણમાં એક દિવસે મારા પિતા સાથે હું રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلامની ખિદમતમાં હાજર થઈ. પીળા રંગનો કુર્તો મેં પહેર્યો હતો. આપ ﷺએ જોઈને ફર્માવ્યું, સરસ ! સરસ ! હું ખાતિમે નબુવ્વત ﷺની સાથે રમવા લાગી તો મારા પિતાએ મને ધમકાવીને રોકી. રસૂલે કરીમ ﷺએ ફર્માવ્યું, રમવા દો ! પછી ત્રણવાર ફર્માવ્યું, તું એને પહેરી જૂનુ પૂરાણુ કરે. *(સહીહ બુખારી, કિતાબુલ અદબ)*

ઉમ્મે ખાલિદ رضی اللہ عنہا બયાન કરે છે કે એક વેળા આપ علیہ الصلوٰۃ والسلام પાસે કપડાં આવ્યાં એમાં એક કાળા રંગની ચાદર હતી જેમાં બંને તરફના છેડા પર કિનારી હતી. હાજરજનોને આપ ﷺએ પૂછયું, આ ચાદર કોને ઓઢાડું ? કોઈએ જવાબ ન આપ્યો. તો આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, ઉમ્મે ખાલિદને લાવો. મને લઈ જવામાં આવી. તો આપ ﷺએ એ ચાદર પોતાના મુબારક હાથો વડે ઓઢાડીને બે વાર ફર્માવ્યું, તું એને પહેરીને પૂરાણી કરે. આપ ચાદરની ભરતને જોઈ રહ્યા હતા અને હાથ મુબારકથી મારી તરફ ઈશારો કરી ફર્માવી રહ્યા હતા

કે, હે ઉમ્મે ખાલિદ ! આ સુંદર, ખૂબસૂરત છે.

*(સહીહ બુખારી, કિતાબુલ લિબાસ)*

કાફિર સાથે યુદ્ધમાં જતા સૈનિકોને આપ ﷺ ખાસ નસીહત ફર્માવતા કે બાળકો, સ્ત્રીઓ અને વૃદ્ધોને કતલ ન કરવા. આપ علیہ الصلوٰۃ والسلامની જાતે બાબરકત ખાસ કરીને સાથે પુત્રીઓ માટે રહમત હતી. અજ્ઞાનતાના જમાનામાં કેટલાક અરબો ગરીબીના ભયથી પુત્રીઓને જીવતી દફન કરી દેતા. જેમ કે એક વ્યક્તિ બારગાહે રિસાલતમાં હાજર થઈ કહેવા લાગ્યા કે અમે જાહિલ, અજ્ઞાન હોવા સાથે મૂર્તિપૂજકો હતા. (પુત્રીઓ પેદા થવાને શરમ સમજતા), અમારી ઔલાદને મારી નાખતા. મારા ઘરે એક નાની પુત્રી હતી, મેં એને બોલાવી. તેણી ખુશી ખુશી દોડતી મારી પાસે આવી અને મારી પાછળ પાછળ ચાલવા લાગી. નજીકમાં જ અમારા કુટુંબનો એક કૂવો હતો. મેં ઉઠાવી તેમાં ફેંકી દીધી. તેણી અબ્બા ! અબ્બાની બૂમો પાડતી રહી ત્યાં સુધી કે ડૂબીને મૃત્યુ પામી. આ સાંભળી રસૂલે કરીમ રહમતુલ્ લિલ્ આલમીન ﷺની આંખોમાંથી આંસૂઓ ટપકી પડયાં. આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, ફરીથી તારી વાત મને સંભળાવ. તેણે એ બનાવ ફરીથી દોહરાવ્યો. તો આપ એટલુ રડયા કે દાઢી મુબારક આંસૂઓથી તરબોળ થઈ ગઈ. *(મુસ્નદ, દારમી, પેજ : ૧)*

અરબસ્તાનની જેમ હિંદુસ્તાનમાં પણ પુત્રી જન્મ થતાં તેને મારી નાખવાની કે બહાર ગંદા નાળામાં ફેંકવાની પ્રથા હતી. રોમન સામ્રાજ્યમાં બાળકોને જીવતાં મારી નાખવાની પ્રથા ઘણા પૂરાણા સમયથી ચાલતી આવી હતી. જેવું કે એકવર્ડ ગીબન પોતાના ઐતિહાસિક પુસ્તકમાં લખે છે કે :–

પોતાના નવજન્મ બાળકોને ફેંકી દેવાં કે તેને કતલ કરવાની ઘણી જ ધૃણાજનક પ્રથા જેનાથી પુરાતન સમયના લોકો ખૂબ વાકેફ હતા. રોમન સામ્રાજયના અમુક પ્રદેશો જેમ કે ખાસ કરીને ઈટાલીમાં દરરોજ ઘણી મોટી સંખ્યામાં આ બનાવ બનતા, એનું કારણ ગરીબી જ હતી. અને ગરીબીનું મૂળ કારણ માથા તોડી નાખે તેવા ટેક્ષોનો બોજ ઉપરાંત ગરીબ મદયૂનોના વિરોધમાં ટેક્ષ ખાતાના ઓફિસરોની અસહ્ય ગેરવર્તણૂંક અને કોર્ટોમાંના કેસો હતા. તેથી માનવજાતના ગરીબો, મધ્યમવર્ગ અને જે મહેનત મજદૂરી કરવા શક્તિશાળી ન હોય તેઓએ બાળકો વધુ પેદા કરી તેનાથી ખુશીઓ મનાવવાને બદલે બાપની મહેરબાની, દયાભાવ એ બાબતમાં જ સમજી લીધી કે તેના બાળકને પોતાની જિંદગીમાં ભોગવવી પડતી ગરીબીની તકલીફોથી બચાવવા માટેનો આ રસ્તો જ સહેલો છે કે તેને જિંદગીની ઝંજાળમાંથી છૂટકારો આપી દેવામાં આવે, જિંદગીની એ મુસીબતો જે બાપ પોતે નિભાવી શકવાને પોતાને શક્તિશાળી સમજતો ન હતો. કુસ્તુન્તીન (મૃત્યુ : ૨૨ મે, ઈ.સ. ૩૩૭)ની માણસાઈ કદાચ એ કારણે જાગી કે તેણે અમુક એવા દિલ હલાવી દેનાર પ્રસંગો જોયા. તેણે પ્રથમ ઈટાલીમાં પછી આફ્રિકામાં દરેક શહેરોમાં હુકમ આપ્યો કે, "દરેક મા બાપ પોતાના એવા પુત્રોને મેજીસ્ટ્રેટ (કોર્ટ)માં રજીસ્ટર કરાવે કે જેને ગરીબીને કારણે તા'લીમ (શિક્ષણ) અપાવી શક્તા નથી, એમને ખૂબ જ જલ્દી અને જરૂરી સહાય કરવામાં આવશે."

પરંતુ, આ વાયદો જેટલો આમ લોકોને માટે ફાયદાકારક હતો એટલો જ વ્યવસ્થા બાબતમાં નબળો હતો, જેના કારણે એનો કોઈ લાંબા ગાળાના સમય સુધી ફાયદો સાબિત ન થયો. આ કાયદો જો કે

કાંઈક અંશે લોકો માટે ફાયદામંદ હોવાને કારણે ધન્યવાદને લાયક ખરો જ, પરંતુ પબ્લિકની ગરીબી, તંગી દૂર કરવાને બદલે ગરીબી, તંગી જાહેર કરવાનું સાધન બન્યો.

—(*તનઝ્ઝુલ વ ઝવાલ, રવબતુલ કુબ્રા, ૧/૧૪*)

આ ઘૃણાજનક રિવાજનો ખાત્મો કોઈ દુનિયવી તાક઼તથી ન થઈ શક્યો તે નબીએ રહ઼મત ﷺની બરકતથી અરબસ્તાન બલ્કે તમામ દુનિયામાં ધીમે ધીમે ખતમ થઈ ગયો. અલ્લાહ તઆલા કલામે મજીદમાં ફર્માવે છે :—

وَلَا تَقْتُلُوْٓا اَوْلَادَكُمْ مِّنْ اِمْلَاقٍ نَحْنُ نَرْزُقُكُمْ وَاِيَّاهُمْ

''અને તમે તમારા બાળકોને ગરીબીના ભયથી મારી ન નાખો. અમે તમોને અને એમને રોજી આપીએ છીએ.'' (*સૂરએ અન્આમ, ૬/૧૫૧*)

وَاِذَا الْمَوْءٗدَةُ سُئِلَتْ ۙ بِاَيِّ ذَنْۢبٍ قُتِلَتْ

''અને જ્યારે જીવતી ખાડામાં દાટેલી બાળકીને પૂછવામાં આવશે કે તને કયા ગુનાહને કારણે મારી નાખવામાં આવી હતી ?'' (*સૂરએ તકવીર, ૮૧/૮*)

નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું :—

اِنَّ اللّٰهَ حَرَّمَ عَلَيْكُمْ عُقُوْقَ الْاُمَّهَاتِ وَوَاْدَ الْبَنَاتِ

—(*મિશ્કાત શરીફ, બાબ : બિર્રે વસ્સિલહ*)

''અલ્લાહે તમારા પર હરામ કરી આપ્યું માતાઓની નાફર્માની, અને પુત્રીઓને જીવતી દાટી દેવાનું.''

સ્ત્રીઓ જે બાબતો પર સરવરે આલમ ﷺથી બયઅત કરતી હતી એમાંથી એક આ હતી : وَلَا يَقْتُلْنَ اَوْلَادَهُنَّ ''તેઓ તેમની ઔલાદ હલાક કરશે નહીં.'' (*સૂરએ મુમતહિનહ, ૬૦/૧૨*)

પેજ 22 નું ચાલુ..

સાંભળીને ક઼ાફલાવાળા આપને એકલાં છોડીને આગળ નીકળી ગયાં. એ વખતે આપે બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી કે એક નાદાર તથા આજિઝની સાથે શું આવો જ સુલૂક કરવામાં આવે છે કે પહેલાં તો પોતાના ઘરની તરફ બોલાવી પછી રસ્તામાં મારા ગધેડાને મારી નાખ્યો અને મને જંગલમાં એકલી છોડી દેવામાં આવી ! હજી આપની ફરિયાદ પૂરી પણ ન થઈ હતી એટલામાં ગધેડામાં જાન આવી ગઈ અને આપ એના પર સામાન લાદીને મક્કા તરફ રવાના થઈ ગયાં એક રાવીનું બયાન છે કે લાંબા અરસા પછી એ ગધેડાને મેં મક્કા મોઅઝ્ઝમાના બજારમાં વેચાતો ખુદ મારી આંખો વડે જોયો. આ પરથી જાણવા મળે છે કે આપની દુઆની બરકતથી તેની ઉમર લાંબી થઈ ગઈ.

**કા'બા સ્વાગત માટે આવ્યો ! :** જ્યારે આપ મક્કા મોઅઝ્ઝમા પહોંચ્યાં તો અમુક દિવસ જંગલ રણમાં સ્થાયી રહીને ખુદાથી અરજ કરી કે હું એટલા માટે ..... થઈ કે મારી તખ્લીક઼ (સર્જન) તો માટીથી થયેલ છે અને કા'બા પથ્થર વડે બાંધવામાં આવ્યો. જેથી હું તારી સાથે વિના વાસ્તાએ મુલાક઼ાતની તમન્ના ધરાવું છું. જેથી વિના વાસ્તાએ અલ્લાહે સંબોધન કરીને ફર્માવ્યું કે, હે રાબિઆ ! શું જગતની વ્યવસ્થાને વેરવિખેર કરીને આલમનું ખૂન પોતાની ગરદન પર લેવા ચાહે છ ? અને શું તને ખબર નથી કે જ્યારે મૂસા (علیہ السلام)એ દીદારની ખ્વાહિશ કરી અને મેં મારી તજલ્લીઓમાંથી એક નાની સરખી તજલ્લી તૂર પહાડ પર નાખી તો તે ટુકડે ટુકડા થઈ ગયો ! ત્યારબાદ જ્યારે આપ બીજીવાર હજ માટે ગયાં તો જોયું કે ખાનએ કા'બા ખુદ આપના સ્વાગત માટે ચાલ્યો આવી રહ્યો છે. અને આપે ફર્માવ્યું કે મારે મકાનની જરૂરત નથી બલ્કે મકીંની જરૂરત છે, કેમ કે મને હુસ્ને કા'બા કરતાં અધિક જમાલે ખુદાવંદીની તમન્ના છે.

# નબી ﷺના ઉચ્ચ અખ્લાક઼ તથા આલમી હાલાત

**બગડતા માહોલ અને ખરાબ થતા હાલાતમાં હુઝૂર ﷺના ઉચ્ચ અખ્લાક઼થી દુનિયાને સુકૂન મળી શકે છે.**

નબીએ કરીમ ﷺની જિંદગીની દરેક ઘડી અને દરેક પાસુ આખી મુસ્લિમ ઉમ્મત માટે એક સંપૂર્ણ તરીક઼ો તથા પરિપૂર્ણ નમૂનો છે. કુર્આન શરીફમાં છે :–

لَقَدْ كَانَ لَكُمْ فِيْ رَسُوْلِ اللّٰهِ اُسْوَةٌ حَسَنَةٌ

''બેશક ! તમારા માટે રસૂલુલ્લાહનું અનુસરણ બેહતર છે.'' *(સૂરએ અહઝાબ, ૨૧)*

હુઝૂર રહ઼મતે આલમ ﷺની ઘરેલુ જિંદગી હોય કે સામાજિક જિંદગી, મક્કી જિંદગી હોય કે મદની, ઈબાદતની બાબત હોય કે મામલાત, રાજનીતિ હોય કે અખ્લાક઼િયાત કે પછી ધાર્મિક બાબતો હોય, આપની જિંદગીનો અમલી નમૂનો દરેક ક્ષેત્રે તમામ માનવો માટે અનુસરણને પાત્ર છે. નબીએ કરીમ ﷺની મક્કી જિંદગીમાં આપણા હિંદુસ્તાની મુસલમાનો માટે જેઓ આ દેશમાં લઘુમતિમાં છે તેમના માટે એક સંપૂર્ણ અમલી નમૂનો મૌજૂદ છે. આ મુલ્ક આપણા મુસલમાનોનો પ્યારો દેશ છે. આપણા બાપદાદા આ દેશની માટીમાં દફન છે. અને આ અખંડ ભારતમાં આપણી સંસ્કૃતિ અને સંસ્કાર, ઈતિહાસ અને રિવાજોની કેટલીય નષ્ટ ન થનારી નિશાનીઓ અંકિત થયેલી છે કે જો આ અનમોલ, સાંસ્કૃતિક, સામાજિક વારસાને હિંદુસ્તાની ઈતિહાસમાંથી મિટાવી દેવામાં આવે તો અહીંનો ઈતિહાસ ફિકો તથા બેનૂર દેખાશે.

આજનો મુસલમાન મક્કી દૌરથી નજીક છે. વિશ્વની સ્થિતિ એ બતાવી રહી છે કે આવનારા દિવસો ઈમાન પર અડગ રહેવા અને દીન પર પુખ્તગીના હવાલાથી ખૂબ જ મુશ્કેલ હશે. આમ પણ મુસ્લિમ ઉમ્મતની બેઈલ્મી એ હદ સુધી પહોંચી ચૂકી છે કે ઝુબાનથી કુફ્રી વાતો બોલવાનું સામાન્ય થઈ રહ્યું છે, અને આપણી રીતભાત તથા તરીક઼ાઓ પણ ઝડપથી કુફ્ર તથા ગુમરાહી તરફ વધી રહ્યા છે.

મક્કી જિંદગીમાં હુઝૂર ﷺની સૌથી મોટી ઓળખ આપની સાફ સુથરી અને પાકીઝા જિંદગી હતી. આપની સચ્ચાઈ અને અમાનતદારી, શરાફત અને પાકીઝગી, નમ્રતા તથા આજીજી અને તક઼્વો તથા પરહેઝગારીનો દરેક મક્કાનો રહેવાસી માનવાવાળો હતો. આપને સામાન્યતઃ 'સાદિક઼' (સાચા) તથા 'અમીન' કહેવામાં આવતા હતા.

કા'બા શરીફના બાંધકામના સમયે હજરે અસ્વદને લગાડવા બાબતે કુરૈશમાં જે સખત મતભેદ પૈદા થયો અને જેના કારણે ખૂન ખરાબી થવાની હતી. એ આપની યુવાનીનો સમય હતો પરંતુ કુરૈશના સરદારો અને મોટા મોટા બુઝુર્ગોને જ્યારે

**અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

**અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ શબ્બીર પટેલ**

આ હાશમી યુવાન દેખાઈ પડયો તો સૌએ એક અવાજ થઈને કહ્યું :–

هٰذَا مُحَمَّدُ الأَمِيْنُ رَضِيْنَا هٰذَا مُحَمَّدٌ الأَمِيْنُ

''આ મુહમ્મદ અમીન શખ્સ છે ! અમે એમનાથી ખુશ છીએ, એ અમીન છે.'' અને સૌએ આ નૌજવાનના હિકમતભર્યા ફેંસલાને ખુશીથી કબૂલ કર્યો, અને આ રીતે ખૂંખાર જંગ થતાં થતાં રહી ગઈ.

*–(સીરતે મુસ્તફા–૧૧૯, બહવાલા સીરતે ઈબ્ને હિશામ)*

નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامની મક્કી જિંદગીનું બીજું સૌથી ઉઘાડુ પાસુ આપનો ખૂબ જ મોટો સબ્ર અને અડગતા, અચલિત ઈરાદો અને પોતાના મંતવ્ય પર પહાડની જેમ કાયમ રહેવું હતું. દા'વતે હક્કની તબ્લીગના પછી મક્કાના વધુ પડતા લોકો આપની વિરુદ્ધ હતા. એ લોકો હમેશાં આપને તથા મુટ્ઠીભર મુસલમાનોને તકલીફ આપવા તૈયાર રહેતા એમને તકલીફો પહોંચાડતા અને રાત દિવસ ઈસ્લામ, ઈસ્લામના પૈગંબર અને ઈસ્લામને મળવાવાળાઓના વિરુદ્ધ સાઝિશો કરતા. નબીએ કરીમ علیہ الصلوٰۃ والسلامએ મક્કાના કાફિરોના આ વર્તાવનો જવાબ સબર અને ખામોશી તથા હિંમત અને અડગતાથી આપ્યો. આપે હક્કની દા'વતના નિશ્ચયથી રજમાત્ર પણ પાછળ હટવાનું પસંદ ન કર્યું. ત્યાં સુધી કે આપને આખા અરબની બાદશાહી, માલ અને દૌલત, હસીન ઔરતો અને ખ્વાહિશની દરેક વસ્તુ આપવાની ઓફર પણ કરવામાં આવી, પરંતુ આપે આ હક્કની દા'વતની સામે દરેક પેશકશને તુચ્છ સમજી નકારી કાઢી. આપે આ સબ્રની આજમાઈશ અને પોતાના વિરુદ્ધ માહોલમાં પણ મક્કાના લોકો માટે ઉચ્ચ અખ્લાકનો નમૂનો પેશ કર્યો. ગાળોનો જવાબ દુઆઓથી, પથ્થરનો જવાબ નર્મ કલામીથી, દિલ આઝારીનો જવાબ હમદર્દીથી આપ્યો. આપ આ માહોલમાં ટકરાવથી દૂર રહ્યા અને હિકમત અને બસીરતથી કામ કરતા રહ્યા. લોકોની ભલાઈ અને દુનિયા તથા આખેરતની કામયાબી માટે એમને ખુદા તઆલાના પસંદીદા દીનની તરફ બોલાવતા રહ્યા. હક્કની દા'વતનો જે ફરીઝો આપે ઉઠાવ્યો હતો એના પર સંપૂર્ણ દિલચસ્પી તથા લગન સાથે કાયમ રહ્યા. આ જ કારણે આપની દા'વત દિલોના કિલ્લાઓને ભેદતી ચાલી ગઈ અને મક્કાની એક મોટી સંખ્યાએ આવા વિરોધી માહોલમાં પણ ઈસ્લામમાં આકર્ષણ મહેસૂસ કર્યું. જે લોકો કાલ સુધી આપના મિશનના ખૂબ જ વિરોધી અને દુશ્મન હતા, એ આપના ﷺ અખ્લાક તથા હક્કની દા'વતની ગરમીથી પીગળી જઈને પાણી પાણી થઈ જતા અને ઈમાનવાળાઓમાં સામેલ થઈ જતા.

સરકાર علیہ الصلوٰۃ والسلامની મક્કી જિંદગીમાંથી આ અમુક ખાસ સબકો મળે છે કે એહલે ઈમાને પોતાના હક્ક અને સચ્ચાઈના મૌકફ પર પૂરેપૂરા યકીન અને વિશ્વાસની સાથે જમી રહેવું જોઈએ અને એના તરફ પૂરી શક્તિ સાથે દા'વત આપવી જોઈએ. જ્યાં સુધી થઈ શકે પોતાના પાડોસીઓ, ખાનદાન, દેશના લોકો જે કોઈપણ ફિક્ર અને ખયાલ તથા મઝહબના માનવાવાળા હોય, એમની સાથે મહબ્બત ભર્યો વર્તાવ, ખૈરખ્વાહી અને હમદર્દીનો વર્તાવ કરવો જોઈએ, સાથોસાથ સમાજ સામે હમેશાં પોતાના ઉચ્ચ વર્તાવ, તકવા અને તહારત, અમાનત તથા દયાનત અને ઈખ્લાસ તથા ખૈરખ્વાહીની સાથે ખૂબ જ બુલંદ અખ્લાક અને અદબનું પ્રદર્શન કરવું જોઈએ.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી ઉર્દૂ–મુંબઈ, મે–૨૦૧૮)*

# ગરમીના રોઝા અને સહાબા તથા બુઝુર્ગો આપણે

ગરમીના રોઝા

**રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

રમઝાનનો મુબારક મહિનો આવતાં સહાબાએ કિરામ એકબીજાને મુબારકબાદ આપતા, ખુશીઓ પ્રદર્શિત કરતા, રમઝાનની તૈયારી એ રીતે કરતા કે જેમાં નેકીઓ વધુ કેવી રીતે કમાય શકે, ભલે પછી એ ગરમીની ઋતુ હોય કે ઠંડીની. જ્યારે આજકાલ રમઝાન શરીફનો મહિનો મે–જૂનના ખરી ગરમીના દિવસોમાં આવી રહ્યો હોય કેટલાક કમજોર ઈમાનવાળા યુવાનો પણ એવું બોલી રહ્યા છે કે ખરી ગરમીમાં રમઝાન આવે છે ! કેવું થશે ?! વળી કોઈ બોલે છે કે ૮૦ ટકા લોકો રોઝા નહીં રાખે !... વગેરે આ વાતો સાંભળીને અફસોસ તથા દુઃખ થાય છે કે શું આ પહેલી જ વાર રમઝાન તડકા તાપમાં કે ગરમીમાં આવી રહી છે કે આપણા આગલાઓના ભાગે પણ ગરમીમાં રમઝાન મહિનો ન આવ્યો હતો ?! ત્યારે આવી સગવડો પણ ન હતી, તો શું આપણા પૂર્વજોએ ગરમીનાં રોદણા રળ્યાં હતાં કે ખુશી ખુશી રોઝા રાખ્યા હતા ? આપણને યાદ છે કે ગમે તેવી બીમારી તથા ગરમીમાં પણ એક રોઝો જતાં આપણા વડીલો અતિ અફસોસ કરતા અને પછીથી તેને કઝા પણ કરી લેતા. જ્યારે આજે સહેજ બહાનુ મળ્યું કે રોઝો છોડી દીધો ! આવો ! આપણા બુઝુર્ગોની રોઝા સાથેની મહોબ્બતનાં દષ્ટાંતો જોઈએ અને સબક હાંસલ કરીએ.

**શું આવા સખત રોઝા રાખવાનું આપણા માથે આવ્યું છે ખરૂં ?**

સહાબાએ કિરામને ઈસ્લામના હુકમોથી કેટલી મહોબ્બત હતી, રબના ફર્ઝ કરેલાથી કેટલો લગાવ હતો, તેઓ ફર્ઝોના પાલન માટે કેટલી સખત કઠણાઈ વેઠતા હતા છતાં કદી મોઢા પર શિકાયતનો શબ્દ આવતો ન હતો. આજે રોજી કમાવાનુ કે સ્કૂલ કોલેજ જવાનું કે અન્ય બહાનુ રજૂ કરીને રોઝા છોડી દઈને રમઝાનમાં જાહેરમાં ખાનપાન કરનારાઓનો ટોટો નથી ! તો એવા લોકો આ બનાવને સબક મેળવાની દષ્ટિથી વાંચે.

હઝરત સરમા બિન કૈસ رضی اللہ عنہ મહેનતી આદમી હતા. એક દિવસે રોઝાની હાલતમાં દિવસભર પોતાની જમી નમાં કામ કરીને (જ્યારે કે અરબસ્તાનની ગરમી કેવી સખત છે એને ધ્યાનમાં રાખશો) સાંજે (મગરિબના) ઘરે આવ્યા. પત્ની પાસે ખાવા માગ્યું. તેણી રાંધવામાં વ્યસ્ત થઈ ગઈ અને આપ થાકેલા હતા જેથી એમની આંખ લાગી ગઈ (ઊંઘી ગયા). જ્યારે પત્નીએ ખાવા તૈયાર કરીને તેમને જગાડયા તો તેમણે ખાવાથી ઈન્કાર કરી આપ્યો ! કેમ કે એ સમયે સૂઈ જવાથી રોઝાદાર પર ખાવા પીવાનું મના થઈ જતુ હતું. જેથી એ જ હાલતમાં આપ رضی اللہ عنہએ બીજો રોઝો રાખી લીધો જેનાથી કમજોરી અતિશય કક્ષાએ પહોંચી ગઈ અને બપોરના સમયે બેહોશ થઈ ગયા. તાજદારે રિસાલત ﷺની બારગાહમાં તેમની સ્થિતિ વર્ણવવામાં આવી તો એમના બારામાં આ આયત وکلوا واشربوا (અને ખાવ અને પીઓ) નાઝિલ થઈ અને રમઝાનની રાતોમાં ખાવુ પીવુ સૂવું મુબાહ કરી દેવામાં આવ્યું.

*(ખાઝિન, બકરહ : ૧૮૭, બુખારી કિતાબુસ્સૌમ, હદીષ :૧૯૧૫)*

ઈસ્લામના શરૂમાં ઈફતાર પછી ખાવા, પીવા,

પત્નીથી સંભોગ કરવો ઈશાની નમાઝ સુધી હલાલ હતું. ઈશાની નમાઝનો સમય શરૂ થતાં જ આ સર્વ ચીજો હરામ થઈ જતી. એ જ પ્રમાણે સૂઈ ગયા બાદ પણ એ ચીજો હરામ થઈ જતી હતી, ભલે હજી ઈશાનો સમય શરૂ ન થયો હોય ! પરંતુ આવા બનાવો બન્યા બાદ કુર્આનની આયત ઉતરી અને મગરિબથી સુબ્હ સાદિક સુધી એની છૂટ થઈ ગઈ. પણ એના કારણે કોઈ સહાબીએ રોઝા છોડી આપ્યા હોય એવી કોઈ રિવાયત જોવા મળી નથી. સહાબાએ કિરામ આટલી સખત તકલીફમાં પણ રોઝા રાખતા હતા. જ્યારે આપણે આટલી બધી સહૂલતોમાં પણ રોઝા છોડવાનાં બહાનાં તલાશ કરીએ છીએ ! તો આપણે આપણા ઈમાન વિશે તેહકીક઼ કરી લેવી જોઈએ.

## સહાબાનું ઈમાન ફર્માને રસૂલ પર ખૂબ પુખ્તા હતું

સહાબા જાણતા હતા કે રસૂલુલ્લાહ ﷺએ જે ફર્માવી દીધુ એ ફાઈનલ ! એના પર ગમે તે ભોગે અમલ કરવો જ રહ્યો. જેથી રસૂલે પાક ﷺની હદીષો એઓ ફક્ત સાંભળતા જ ન હતા બલ્કે ચુસ્તીથી તેના પર અમલ કરતા હતા.

હઝરત કઅબ બિન અજરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે અલ્લાહ ﷻના મહબૂબ દાનાએ ગુયૂબ ﷺએ ફર્માવ્યું : મિમ્બરની નજીક આવી જાવ ! જેથી અમો ત્યાં હાજર થઈ ગયા. જ્યારે આપે પ્રથમ પગથિયા પર ક઼દમ રાખ્યો તો ફર્માવ્યું, "આમીન !" અને જ્યારે બીજા પગથિયા પર ક઼દમ રાખ્યો તો ફર્માવ્યું, "આમીન !" અને જ્યારે ત્રીજા પગથિયા પર ક઼દમ રાખ્યો તો ફર્માવ્યું, "આમીન !" જ્યારે આપ મિમ્બર પરથી નીચે તશરીફ લાવ્યા તો અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આજે અમે આપનાથી તે વાત સાંભળી છે જે પહેલાં કદી સાંભળી ન હતી. આપે ફર્માવ્યું, જિબ્રઈલ علیہ السلام મારી સામે હાજર થયા અને કહ્યું કે "જેણે રમઝાનનો મહિનો પામ્યો છતાં તેની મગફિરત ન થઈ તે રહમતથી મેહરૂમ થાય !" તો મેં "આમીન !" કહ્યું, જ્યારે મેં બીજા પગથિયા પર ક઼દમ રાખ્યો તો જિબ્રઈલ علیہ السلامએ કહ્યું, જેની સમક્ષ આપ ﷺનો ઝિક્ર થાય અને તે દુરૂદે પાક ન પઢે, તે રહ઼મતથી મહેરૂમ થાય. તો મેં "આમીન !" કહ્યું. પછી જ્યારે ત્રીજા પગથિયા પર ક઼દમ રાખ્યો તો જિબ્રઈલ علیہ السلامએ કહ્યું, જેની પાસે તેનાં મા બાપ અથવા એમનામાંથી એક વૃદ્ધાવસ્થાએ પહોંચ્યું અને તેમણે જન્નતમાં દાખલ ન કરાવ્યો (એટલે ખિદમત મા બાપની ન કરી) તો તે રહ઼મતથી મેહરૂમ છે. તો મેં કહ્યું, "આમીન !"

*–(મુસ્તદરક, ૫/૨૧૨)*

આ હદીષમાં છે કે, **"જેણે રમઝાનનો મહિનો પામ્યો છતાં તેની મગફિરત ન થઈ એ "રહ઼મતથી મહેરૂમ થાય !"** આ કેટલી ગંભીર બાબત છે કે દુઆ કરનાર છે સૈયદુલ મલાઈકા હઝરત જિબ્રઈલ علیہ السلام અને "આમીન" કહેનાર છે સૈયદુલ મુરસલીન હઝરત મુહમ્મદ મુસ્તફા ! ﷺ તો એ દુઆ કેમ કરીને રદ થાય ?! **આ ગંભીરતાને સહાબાએ સમજી હતી જેથી ગમે તે તકલીફમાં રોઝા છોડતા ન હતા, જ્યારે આપણે સહેજ તકલીફમાં રોઝા ત્યજી દઈએ છીએ એનો અર્થ કે આપણે આ દુઆની ગંભીરતાને સમજી નથી !** તો આપણે આપણા ઈમાનની કમજોરીને દૂર કરીને ગમે તે રીતે રોઝા રાખવા જોઈએ.

## દિવસે રોઝા સાથે જેહાદમાં રાત ઈબાદતમાં !

સહાબાએ કિરામની મુબારક જિંદગીઓનો અભ્યાસ કરવામાં આવે તો એવા બનાવો જોવા મળે છે કે દિવસે રોઝો રાખીને જેહાદ કરતા હતા અને રાતને ઈબાદતમાં પસાર કરી દેતા હતા. જંગે બદરના મોક઼ા પર પણ સહાબા ૧૨ રમઝાન

શરીફના મદીના પાકથી રોઝા સાથે નીકળ્યા હતા અને ૧૭ રમઝાનના રોજ કાફિરોથી જંગ થઈ હતી. એક એક ખજૂર પર ૨૪–૨૪ કલાક પસાર થતા હતા પણ હિંમત નથી હાર્યા. જો કે પાછળથી સખ્તી વધતાં જંગ વખતે હુઝૂર علیہ الصلوٰۃ والسلામએ રોઝો ન રાખવા ઈજાઝત આપી હતી, પણ છતાંય અમુક સહાબીઓ રાખતા હતા.

સહાબીઓ સિવાય પણ તાબઈન, તબે તાબઈન તથા બુઝુર્ગાને દીન તથા નેક મો'મિનોનો મામૂલ રહ્યો હતો કે રોઝાને કોઈ પણ હાલતમાં છોડવાને પસંદ કરતા ન હતા. કેમ કે તેઓ જાણતા હતા કે રમઝાનનો એક રોઝો ત્યજી દેવાથી જીવનભર રોઝા રાખવું પણ તેની ફઝીલતને પહોંચી શકશે નહીં. એવા પણ સહાબી થયા છે (લગભગ ખાલિદ ઈબ્ને વલીદ رضی اللہ عنہ) કે દિવસભર રોઝો રાખી જેહાદ કરતા અને રાત્રે ઈબાદત કરતા. ખાવા બનાવનારે એમનું ઈફતારીનું ભોજન જ્યાં રાખેલું તે તેમને લગાતાર બે દિવસ ન મળ્યું ત્યારે તેમને પૂછયું તો જણાવ્યું કે હું તો ખાવા એના ઠેકાણે જ મૂકુ છું ! તપાસ કરતાં જાણ થઈ કે કોઈ કૂતરુ ઉપાડી જતુ હતું. સારાંશ કે આવી કપરી હાલતમાંય રોઝો સહાબાએ કિરામ છોડતા ન હતા.
–*(ફુતુહુશ્શામ)*

સહાબાએ કિરામ તથા બુઝુર્ગાને દીનની નજરોમાં આ ખુશખબરી સંભળાવતી હદીષો હતી જેથી તેઓ દુનિયા કરતાં આખેરતને અધિક મહત્વ આપી રમઝાનમાં રોઝા ઈબાદતમાં વ્યસ્ત રહેતા હતા.

## રોઝાની ફઝીલતમાં રસૂલે પાક ﷺના કેટલાંક ફર્માનો

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેણે અલ્લાહ ﷻની રઝા માટે એક દિવસનો રોઝો રાખ્યો, અલ્લાહ તઆલા તેને જહન્નમથી એટલો દૂર કરી દેશે જેવો કાગડો કે જ્યારે બચ્ચુ હતો તે સમયથી ઉડતો રહ્યો ત્યાં સુધી કે ઘરડો થઈને મર્યો. *(અબૂ યઅલા, બયહકી)*

બીજી હદીષમાં છે : અબૂ યઅલા તથા તિબ્રાની અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જો કોઈએ એક દિવસ નફલ રોઝો રાખ્યો અને **જમીન ભરીને તેને સોનુ આપવામાં આવે તો પણ તેનો સવાબ પૂરો થશે નહીં.** તેનો સવાબ તો કયામતમાં જ મળશે. *(બહારે શરીઅત, ભાગ : ૫)*

આ તો નફલ રોઝાની ફઝીલત છે તો ફર્ઝ રોઝાઓની ફઝીલત શું હશે તે વિચારશો !

ફર્માવ્યું, જે માણસ ઈમાનના કારણે અને સવાબ માટે રોઝો રાખશે તેના આગલા ગુનાહ માફ કરી દેવામાં આવશે. અને જે માણસ ઈમાનના કારણે અને સવાબ માટે રમઝાનની રાતોમાં કયામ કરશે તેના આગલા ગુનાહ માફ કરી દેવામાં આવશે. અને જે માણસ ઈમાનના કારણે અને સવાબના માટે શબે કદ્રનો કયામ કરશે તેના આગલા ગુનાહ માફ કરી દેવામાં આવશે. *(બુખારી તથા મુસ્લિમ)*

ફર્માને પાક છે : રોઝો તથા કુર્આન બંદા માટે શફાઅત કરશે. રોઝો કહેશે, હે રબ ! મેં ખાવા તથા મનેચ્છાઓથી દિવસે તેને રોકી દીધો, મારી શફાઅત તેના હક્કમાં કબૂલ કર. કુર્આન કહેશે, મેં તેને રાતમાં સૂઈ જવાથી રોકી રાખ્યો, મારી શફાઅત તેના હક્કમાં કબૂલ કર. બંનેની શફાઅતો કબૂલ થશે.

ફર્માવ્યું, દરેક નેક કામનો બદલો માણસને ૧૦ થી ૭૦૦ ગણા સુધી આપવામાં આવે છે. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, પરંતુ રોઝો કે તે મારા માટે છે અને તેનો બદલો હું આપીશ. *(બુખારી તથા મુસ્લિમ)*

ઈમાનનો તકાઝો છે કે શરઈ મજબૂરીના વિના મુસલમાન રોઝો છોડી શકતો નથી જેથી આપણે જોઈએ કે બુઝુર્ગોના નકશે કદમ પર ચાલીને રમઝાનનું ખુશી ખુશી સ્વાગત કરીએ અને ફઝીલતો પામીએ.

## રોઝા રાખવા સંબંધી મસ્અલા

રોઝા સંબંધી મસ્અલો પણ જાણવા જેવો છે કે, **રમઝાનના દિવસોમાં એવું કામ કરવું જાઈઝ નથી જેનાથી એટલી અશક્તિ આવી જાય કે રોઝો તોડવાનો ભ્રમ ગાલિબ થાય.** માટે ભઠિયારાએ બપોર સુધી રોટીઓ પકાવવી જોઈએ અને બાકીના સમયે આરામ કરવો જોઈએ.

–*(દુર્રે મુખ્તાર)*

એ જ હુકમ કડીયા તથા મજૂર અને પરિશ્રમનું કામ કરનારાઓ માટે છે, કે નિર્બળતાની આશંકા થાય તો કામમાં કમી કરી દો કે જેથી રોઝો અદા કરી શકે.

**મસ્અલો** : આશંકા હોય કે જો રોઝો રાખશે તો કમજોર થઈ જશે, ઉભા રહીને નમાઝ પઢી શકશે નહીં, તો હુકમ છે કે **રોઝો રાખે અને નમાઝ બેસીને પઢે.** *(દુર્રે મુખ્તાર)* જ્યારે ઉભો થવાથી એ જ પ્રમાણે લાચાર થઈ જાય જેવું કે બીમારીની નમાઝ બાબતે હોય છે. *(બહારે શરીઅત)*

અંતમાં આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ નો સબક઼ આમોઝ બનાવ વર્ણવું કે આખરી ઉમરમાં રમઝાન શરીફ અસહય ગરમીમાં હતી અને આપની હાલત કમજોર હતી જેમાં શરીઅત ઈજાઝત આપે છે કે રોઝો હાલ ન રાખે. પણ આપે પોતાના માટે ફત્વો આપ્યો કે બરેલીના બદલે ભવાલી પર્વત પર ઠંડક છે અને હું ત્યાં જઈને રોઝા રાખી શકુ છું. જેથી મારા માટે ત્યાં જઈને રોઝો રાખવો ફર્ઝ છે. અને આપે રમઝાન ભવાલી પર્વત પર રોઝા રાખીને પસાર કરી.

જેથી આપણે સહાબાએ કિરામ તથા બુઝુર્ગોને દીનની રાહ પર ચાલીને રોઝાનું મહત્વ સમજીને રમત રમતમાં કે મામૂલી બહાનાં હેઠળ રોઝા ત્યજવા ન જાઈએ. રબ તઆલા તેના હબીબ ﷺ ના સદક઼ામાં સૌને નેક તૌફીક આપે. (આમીન)


**રમઝાન શરીફની ફઝીલત તથા રોઝા, ઝકાત, એતેકાફના મસાઈલ જાણવા મંગાવો**

કિતાબ : **બરકાતે રમઝાન વ મસાઈલે ઝકાત**

(જેમાં રોઝાના ફઝાઈલ, મસાઈલ, ઝકાતના અર્વાચીન મસાઈલ, એતેકાફના સ્પષ્ટ સમજૂતી આપતા મસાઈલ વર્ણન થયેલ છે.

(હદિયો : મફત મંગાવો, પેજીસ : ૮૮)

સંપાદક : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

પ્રકાશક : **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**

તા. જિ. ભરૂચ, પિન : ૩૯૨૦૨૦ (ગુજરાત)

ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**સુન્ની દાવતે ઈસ્લામીની દર્સી કિતાબ**

કિતાબ : **બરકાતે શરીઅત (ગુજરાતી)**

(પેજીસ : ૧૦૮૮, હદિયો : ૩૦૦)

જેમાં રોઝાના ફઝાઈલ ઉપરાંત નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત તેમજ ખૌફે ખુદા, નિયત, ઈખ્લાસ, ગીબત, હલાલ રોજી...વગેરેના વિષયે વિગતવાર વર્ણન છે જેને રમઝાનમાં ભાઈઓ બહેનો માટે પણ મંગાવો, ઘરમાં, મસ્જિદમાં દર્સ આપી દીની માહોલ પેદા કરો.

કિતાબ : **માહે રમઝાન કૈસે ગુઝારે ?!**

(ગુજરાતી, પેજીસ : ૧૪૮, હદિયો : ૫૦)

જેમાં રોઝા, ઝકાત, તરાવીહ, એ'તેકાફ, શબે ક઼દ્ર, તેમજ રમઝાનની છ મહત્વની તારીખો વિશે વર્ણન વિગતવાર છે.

નોંધ : ઉપરોક્ત બંને કિતાબોના લેખક તથા સંપાદક:

**હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી**

*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*

**પ્રકાશક સુન્ની દાવતે ઈસ્લામી (દયાદરા શાખા)**

મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ,

પિન : ૩૯૨૦૨૦ (ગુજરાત)

ફોન : ૦૨૬૪૨–૨૮૦૦૧૧ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

# ઈસ્લામમાં  સલાહ મશ્વરાનું મહત્વ

રજૂકર્તા : મૌલાના અલ્તાફહુસૈન મિસ્બાહી કુરચનવી *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

સલાહ મશ્વરો ઈસ્લામ ધર્મના રાજનૈતિક બંધારણનો એક અગત્યનો હિસ્સો છે. જો પબ્લિક પોતાના ખાનગી મામલાઓમાં અને રાજનૈતિક નેતાઓને દેશને ચલાવવા માટે સલાહ મશ્વરાથી કામ લે તો દેશ મોટા નુકસાનથી સુરક્ષિત થઈ જાય. મોટાભાગે મશ્વરો એ સમયે લેવામાં આવે છે જ્યારે કોઈ વ્યક્તિને પોતાના ઈરાદા ઉપર ભરોસો નથી હોતો, એટલા માટે વ્યક્તિ પોતાના ઈરાદા પર ભરોસો પ્રાપ્ત કરવા માટે કોઈ બુદ્ધિશાળી વ્યક્તિથી સલાહ લે છે અને જ્યારે પોતાના ઈરાદા પર લોકોનું સમર્થન પ્રાપ્ત કરી લે છે તો પછી પોતાના કામ માટે આગળ વધે છે. અને જો સલાહકાર એ વ્યક્તિનો વિરોધ કરે તો નાકામી તથા નિષ્ફળતાના ડરથી એ વ્યક્તિ પોતાનો ઈરાદો બદલી નાખે છે.

## સલાહ મશ્વરાનું મહત્વ કુર્આની રોશનીમાં

સલાહનું મહત્વ સમજવા માટે આ જ પૂરતુ છે કે અલ્લાહ તબારક વ તઆલાએ કુર્આન શરીફમાં "શૂરા" નામની એક સૂરત નાઝિલ કરી અને અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના મહબૂબ નબી ﷺને પોતાના સહાબાએ કિરામથી મશ્વરો લેવાનો આદેશ આપ્યો. જેમ કે અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે :

عَنْهُمْ وَ اسْتَغْفِرْ لَهُمْ وَ شَاوِرْهُمْ فِي الْاَمْرِ ۚ فَاِذَا عَزَمْتَ فَتَوَكَّلْ عَلَى اللّٰهِ ۭ اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُتَوَكِّلِيْنَ ﴿۱۵۹﴾

